૩૩૫૯

સૂતક નિર્ણય

અથવા

શૌચ નિર્ણય.

ત્ર્યંબકસંગૃહીત શૌચત્ર્યંબકીય ગ્રંથનું

મૂલ સમેત ગુજરાતી ભાષાંતર.

રચનાર

સ્વર્ગવાસી કવિ રણછોડલાલ ગલ્લુરામ.

આવૃત્તિ બીજી.

મુંબઇમધ્યે

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં સેમ્યુએલ હાઇમ પ્રીંટરે છાપ્યું.

સંવત ૧૯૪૪, સને ૧૮૮૮.

કાળકાદેવી રોડ ઝવેર બાગ પંડિત જયેષ્ઠારામ

મુકુંદજીની પુસ્તકની દુકાનમાંથી તથા કોટમાં

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાંથી મળશે.

પેહેલી આવૃત્તિની પ્રસ્તાવ

આ ઉપયોગી પુસ્તક વર્ણાશ્રમી સદ્ગૃહસ્થોને જણાવવાનું કે આ સંસારસમુદ્રમાં ભરતી ઓટ અનિવાર્ય ધોરી પ્રવાહ સર્વકાળ વહ્યાં કરેછે મુખ્ય શુભાશુભકાળથી હર્ષશોકની અસર પણ

આપણા ભરતખંડની પવિત્ર પ્રજાને સૂતક વાની વેદાનુયાયી ધર્મશાસ્ત્રકારે આજ્ઞા રેલી છે. સૂતક શાસ્ત્રનો ગર્ભિત આશય સમજવો અતિ ગહન છે તોપણ રક્ત સંબંધને લીધે સગપણના પ્રમાણમાં સપિંડોને જન્મમરણથી શોકનું સંયોગીકરણ કોઈનું અજાણ્યું નથી. આ સંયોગીકરણનું સ્વરૂપ કહીએ તો ચાલે. આવા પ્રસંગના હર્ષશોકથી વિકાર પામ વૃત્તિને સ્વચ્છ અને શાન્ત રાખ્યા શિવાય વ્યગ્રચિત્તે માણસ પારલૌકિક સાધન કરી શકે નહિ. અને એજવાસ્તે શાસ્ત્રકારનો પળાવવામાં માર્મિક ઉદ્દેશ હોય એવું અનુમાન થાય છે. શ્રુતિસ્મ વિષય છતાં સૂતક પાળવામાં કાળ મહિમાથી દેશના કેટલાક ભાગમાં ઘોટાળો ચાલતો જણાય છે એટલે કેટલાક સૂતક પાળવું જોઇએ તેટલું પાળતા નથી અને કેટલાક તો શાસ્ત્રમાં નહિ છતાં કાલ્પનિક અજ્ઞાનતાથી વિશેષ પાળે છે. તેના થોડા દાખલા પુસ્તકાંતરમાંથી નમુના દાખલ જાણવાને આ નીચે આપ્યા છે.

[પુરાતન ધારાથી હાલમાં ઓછું સૂતક પળાય છે તે.]

૧ છ મહિનાસુધીની કસુવાવડનું સપિંડો સ્નાન પણ કરતા નથી.

૨ પ્રસવ થવાનું સ્નાન છોકરાના બાપ કરતા નથી.

૩ વાગ્દાન કરેલી કન્યાનું મરણસૂતક સાસરીઆં પાળતાં નથી.

[પૂર્વકાળના નિયમ કરતાં હાલમાં અધિક સૂતક પળાય છે તે]

૧ દાંત ઉગ્યા પછી ત્રણ વર્ષસુધી એક રાતને બદલે સર્વ સપિંડો ત્રણ રાત પાળે છે.

૨ માબાપનું પરણેલી દીકરી ૩ દિવસને બદલે ૧૦ દિવસ પાળે છે.

૩ સાળીનું સ્નાન કરેછે, ને કેટલાક સાળીનાં છોકરાનું પણ સ્નાન કરેછે.

તેમજ ક્ષત્રિયવર્ણને ૧૨ દિવસનું સૂતક પાળવાનું છતાં તેમાંના કેટલાક હાલના નિરક્ષર ઉપદેશકોના બોધથી વધારે પાળી હાથે કરી વર્ણ-સંકરમાં ગણાવા માંગે છે, આ ઉપરથી જોતાં કાળે કરી ધર્મશાસ્ત્રને માથે લોકરૂઢી બળવાન થઇ બેઠી છે.

હવે વર્ણાશ્રમવાળા ગૃહસ્થોને દેશકાલાનુસારે શ્રદ્ધાથી કે પછી દેખા-દેખી લોકાચારે દોરાઈને પણ સૂતક પાળવું પડે છે. તે વિષેની માહિતી મેળવવા ધર્મશાસ્ત્ર તપાસવું જોઇએ, પણ સંસ્કૃત અભ્યાસ વગરનાથી તેમ બનવું અશક્ય તેથી કોઈ પંડિતને પૂછવા દોડવું પડે; તેવે ટાંકણે પંડિતનો પણ વખતે મેલાપ ન થાય તો પછી જીવને ઘણી મુઝવણ થઇ પડે છે. પંડિતોને પુછવામાં પણ જુદાં જુદાં શાસ્ત્રમતને લીધે કોઈ કાંઇ ને કોઈ કાંઈ બતાવાથી ખુલાસો મળવાને બદલે બિચારા પુછનાર ઉલટા ભ્રાંત થાયછે ઈત્યાદિ સૂતકના ખુલાસા બાબતની અડચણો દૂર થવાનું સાધન શોધતાં ત્ર્યંબકશાસ્ત્રીકૃત (ત્ર્યંબકી) અશૌચનિર્ણય નામનું સંસ્કૃત લઘુપુસ્તક મારા જોવામાં આવ્યું. હાલ લોકવ્યવહારમાં તેનો પ્રચાર ઘણો છે તેમજ તે શાસ્ત્રાનુસાર હોવાથી સર્વપંડિતસંમત છે. તે ઉપર એક બે પ્રાકૃત ભાષાંતર થયેલાં છે પરંતુ તે સંતોષકારક નહિ જણાયાથી આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર યથામતિ મેં તૈયાર કર્યું. તે રચતી વેળા સ્મૃતિગ્રંથ, નિર્ણયસિંધુ, ત્રિંશત, શુદ્ધિવિવેક, શુદ્ધિમયૂખ, અશૌચદશક સભાષ્ય અને ધર્મપ્રબોધિની વગેરે ધર્મશાસ્ત્રનાં પુસ્તકો પાસે રાખી ઘણી સંભાળથી સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. તેમ છતાં કદિ સરતચૂક માલમ પડે તો વિદ્વજ્જનોએ ક્ષમા કરવી.

આ પ્રસંગમાં સંસ્કૃત પુસ્તકોની સહાયતા માટે અત્રેના પંડિત જેઠારામ મુકુંદજીનો હું ઉપકૃત છું. વળી આ ભાષાંતર તૈયાર કરયા પછી પ્રસિદ્ધ પંડિતવર્ય ગટ્ટુલાલજી વગેરે સાક્ષરો તરફ તપાસવાને મોકલવામાં આવ્યું હતું.

વિદ્વાનોને અનુકૂળ પડવા મૂળ સંસ્કૃત વાક્યો પણ અંકાનુક્રમે સાથે આપેલાં છે.

આ પુસ્તકનું ભાષાંતર રચવાસંબંધી પૂર્ણ ધારણા અત્રેના **દેશહિતકારી માનવંત શેઠજી લક્ષ્મીદાસ ખીમજીની** પ્રેરણાથી પાર પડી અને છપાવવામાં સારો આશ્રય મળ્યો તેથી તે શેઠજીનો અતિ આભારી સેવક પોતાના શ્રમની સફલતા માને છે.

રણછોડલાલ ગલ્લુરામ.
ભાષાંતરકર્ત્તા

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

પેહેલી આવૃત્તિની ચોપડીઓ સઘળી વેચાઇ ગઈ તેથી તથા ભાષાંતર કર્ત્તા કવિ રણછોડલાલ ગલ્લુરામનો પરલોકવાસ થવાથી આ અતિ ઉપયોગી અશૌચનિર્ણય બીજી વાર છપાવ્યો છે. એમાં ફેર માત્ર એટલો કરવામાં આવેલ છે કે પેહેલી આવૃત્તિમાં અસલ સંસ્કૃત ગ્રંથ પાછલા ભાગમાંજ મૂકવામાં આવેલ હતો તે આ આવૃત્તિમાં ઉપર મૂળ ગ્રંથ અને ભાષાંતર નીચે અંક સહિત આપવામાં આવેલું છે.

બાકીનો સર્વ લેખ સ્વર્ગવાસી કવિ રણછોડલાલનો યથાપૂર્વ છે.

તા૦ ૧ લી માર્ચ સને ૧૮૮૮.

સંવત ૧૯૪૪ શક ૧૮૦૯
માસ ફાગણ વદ ૨ વાર બુધ.

33પ૮

સૂતક નિર્ણયની અનુક્રમણિકા.

રજોદર્શન.

પરિશિષ્ટ.

અથ ત્ર્યંબકીય અશૌચ નિર્ણયનું

ભાષાંતર.

मंगलाचरण.

समारंभमां स्नेहथी शीषनामी, जपू जन्म मृत्यू तणो जेह स्वामी;
कृपा देवनी एव संपूर्ण पामी, धरूं धारणा त्र्यंबकी अर्थगामी ॥१॥
वळी त्रिंशदादी च शुद्धीविवेके, करी संमति ग्रंथ सर्वोनि एके;
रचूं अर्थ आशौचनो प्राकृतेके, लही शास्त्रशिक्षा सुबुद्धीन व्हेके २

ગ્રંથકર્તાએ પ્રથમ મંગલાચરણમાં બે શ્લોકવડે ગણપતિની સ્તુતિ કરેલી છે. ૨

---

१ गणाधिपंनमस्कृत्यप्रत्यूहाद्रिपविंकविं । त्र्यंबकेणाशुबोधायाक्रियतेऽशौचनिर्णयः ॥१॥ अर्थतःशब्दतश्चेहपौनरुक्त्यंनदुष्यति। स्फुटबोधायबालानांग्रंथोयरच्यतेयतः ॥ २ ॥

૧ સૂતક કોને લાગે?

१ अत्रप्रागुपनयनात्कामचारकामवादकामभक्षाइतिगौतमोक्तेरनुपनीतस्य पित्रादिसंस्कारंविनाऽशौचेनाधिकारः। उपनयनोत्तरमपिब्रह्मचारिणःपित्राद्यंत्यकर्मकरणएवाशौचाधिकारोनान्यत्र । तस्माद्द्विजानांसमावर्त्तनोत्तरंनिरंकुशोऽशौचाधिकारः । स्त्रीशूद्रयोस्तावव.हस्योपनयनस्थानापन्नत्वेनविवाहोत्तरमेवाशौचाधिकारः ॥

ગૌતમ કહેછે કે જનોઈ દીધા પહેલાં કામચાર એટલે મરજીમાં આવે તેમ વર્તે, કામવાદ એટલે ફાવે તેમ બોલે, તથા કામભક્ષ એટલે ભાવે તે ખાય એવા બાળકને સૂતક લાગે નહિ, માત્ર *જનોઈ દીધા વગરનો

---

* ઉપનયનકાલ એટલે જનોઈ દેવાનો વખત બ્રાહ્મણને ૮ મે વા ૯ મે, ક્ષત્રીઓને ૧૧ મે અને વૈશ્યને ૧૨ મે વર્ષે જાણવો; એવું આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં લખે છે.

બાળક જે માબાપની મરણક્રિયા* કરે તેનેજ સૂતક વળગે બીજાને સૂતકનો અધિકાર નથી તેમજ બ્રહ્મચારીને પણ જનોઈ દીધા પછી માતાપિતાના અગ્નિસંસ્કારાદિ અંત્યકર્મના પ્રસંગ વગર બીજે કોઈ ઠેકાણે સૂતકનો અધિકાર નથી. વાસ્તે બ્રાહ્મણાદિકો સમાવર્તન સંસ્કાર કર્યા પછી અશૌચ (સૂતક)ના અધિકારી થાય છે.

૨ જનનાશૌચ એટલે વૃદ્ધિસૂતક (ગર્ભસ્રાવ.)

२ अथजननाशौचम् । गर्भिण्यामासचतुष्टयपर्यंतंगर्भनाशः स्रावइत्युच्यते । तदागर्भिण्यामासत्रयपर्यंतं त्रिरात्रं चतुर्थमासेचतूरात्रमाशौचंअस्पृश्यत्वं । पित्रादिसापिंडानांस्रावमात्रेस्नानाच्छुद्धिः ॥

ગર્ભિણી સ્ત્રીને ચાર માસ સુધીમાં કસુવાવડ થાય તો તેને "ગર્ભસ્રાવ" કહેછે. ત્રણ (૩) માસપર્યંતના ગર્ભસ્રાવમાં ત્રણ રાત્રિનું† અને ચાર (૪) માસનો ગર્ભસ્રાવ થતાં ચાર રાત્રિનું તે સુવાવડી સ્ત્રીએ "અટકાવની પેઠે" સૂતક પાળી ક્યાંઇ સ્પર્શ ન કરવો. (ત્રણ દિનના સૂતકમાં ચોથે દહાડે અને ચાર દિનના સૂતકમાં પાંચમે દહાડે ન્હાયાથી શુદ્ધ થાય) પિતાદિક સાત (૭) પેઢીનાને (ઓરમાનમાને) ગર્ભસ્રાવના પ્રસંગે માત્ર સ્નાનથી શુદ્ધિ છે.

૩ ગર્ભપાત.

३ गर्भिण्याः पंचमषष्ठमासयोर्गर्भनाशःपातइत्युच्यते । तत्रगर्भिण्यामाससंख्ययापंचषट्चदिनानिक्रमेणास्पृश्यत्वावहमाशौचं । पित्रादसापिंडानांतुत्रिरात्रंजननाशौचंमृताशौचंतुनास्ति । इदमेतावत्पर्यंतसर्ववर्णसाधारणंवयोवस्थानिमित्तत्वात् ॥

ગર્ભિણી સ્ત્રીનો ગર્ભ પાંચમા કે છઠ્ઠા માસમાં નાશ થાય તો તે "ગર્ભપાત" કહેવાય. પાંચમે માસે ગર્ભપાત થાય તો પાંચ દિવસનું અને છઠ્ઠે માસે થાય તો છ દિવસનું તે સ્ત્રીને અસ્પર્શનું સૂતક લાગે. તેટલા દિવસ તેણીએ ક્યાંઇ અડવું નહી. પિતાદિ સપિંડ એટલે સાત પેઢીવાલ-

* ષટ્પિંડથી દ્વાદશાહની ક્રિયા.

† રાત્રિ પદવડે અહોરાત્ર જાણવાં. પ્રથમના ૩ માસના ગર્ભસ્રાવનો અસ્પર્શ, સુવાવડી બ્રાહ્મણની સ્ત્રીને ત્રણ દિન, ક્ષત્રીઆણીને ચાર દિન, વૈશ્યાણીને પાંચ દિન, અને શૂદ્રાણીને આઠ દિન પાળવા; એવું શુદ્ધિમયૂખમાં કહેલું છે.

ઓને (ઓરમાનમાને) ત્રણ રાત્રિનું વૃદ્ધિસૂતક વિકલ્પે લાગે; મૃતાશૌચ લાગે નહિ. ૭ માસ-સુધી તમામ વર્ણને સાધારણ સૂતક પ્રથમ કહ્યા પ્રમાણે લાગે, કારણ ગર્ભવિષે વય તથા અવસ્થા સર્વને તુલ્ય છે.

૪ પ્રસવ.

४ गर्भिण्याः सप्तममासप्रभृतिप्रसवेसर्वेषांमातृपित्रादीनांसार्पिडानांविप्राणांदशाहं । क्षत्रियाणांद्वादशाहं । वैश्यानांपंचदशाहं । शूद्राणांमासं । सच्छूद्रस्यमासार्धं । जननाशौचं मृताशौचंतुनास्ति । सापत्नमातुः सर्वत्रपितृवत् ॥

ગર્ભિણી સ્ત્રીને સાત માસથી આરંભીને પ્રસવ થાય તો માતાપિતાથી માંડીને સાત પેઢીવાલા સુધીના બ્રાહ્મણને દશ દિવસનું, ક્ષત્રિયને બાર દિવસનું, વૈશ્ય એટલે વાણીઆને પંદર દિવસનું, શૂદ્રજાતિને એક માસનું અને સતશૂદ્ર એટલે ઉંચા શૂદ્રને અર્ધા માસનું (વૈશ્યના જેટલું) વૃદ્ધિસૂતક લાગે, મૃતાશૌચ લાગે નહિ. અપરમા એટલે ઓરમાનમાને સર્વ ઠેકાણે પિતાની પેઠે સૂતક લાગે.

૫ પ્રસવના વિશેષ નિયમ તથા સપિંડાદિ વિચાર.

५ जननाशौचेगर्भिण्याः दशाहमस्पृश्यत्वं । पितुःसापत्नमातुश्चस्नानात्प्रागस्पृश्यत्वं । स्नानोत्तरंस्पृश्यत्वमेव । किंतुसर्वत्रसपिंडानांकर्मानधिकारमात्रं । तत्रापिनालच्छेदनात्पूर्वं जातकर्मदानादौपितुरधिकारः । एवंप्रथमषष्ठदशमदिवसेषुजन्मदाख्यदेवतापूजायांचापितुर्वचनादधिकारःकूटस्थमारभ्यसप्तपुरुषपर्यंतसापिंडाः ततःसप्तसोदकाः । ततःसप्तसगोत्राः । सोदकानांतुत्रिरात्रमाशौचं । सगोत्राणांस्नानमात्रं ॥

જનનાશૌચ એટલે વૃદ્ધિસૂતકમાં સુવાવડી સ્ત્રીએ દશ દિવસસુધી ક્યાંઇ સ્પર્શ ન કરવો. પિતાએ તથા ઓરમાનમાએ સ્નાન કરતાંસુધી ક્યાંઇ અડકવું નહિ. ન્હાયા પછી પરસ કરવાનો બાધ નથી. વળી આ વૃદ્ધિસૂતકમાં સાત પેઢીના પિત્રાઈઓને માત્ર કર્મનો અધિકાર નથી ; તેમાં પણ નાલચ્છેદનની પહેલાં *જાતકર્મ તથા દાનાદિ કરવાનો પિતાને અધિકાર

* જાતકર્મ એટલે પુત્રજન્મ સમયે પિતા જે કર્મ કરે છે તે. તે કરવાનો પ્રકાર એમ-છે કે-પુત્રનું મુખ જોઇને નદીઆદિ જલાશયમાં ઉત્તરાભિમુખે સ્નાન તથા આચમન કરીને ચંદનમાલાદિ ધારણ કરી પિતાએ નાલછેદન પહેલાં સ્વગૃહ્યોક્ત વિધિથી હવન કરી ન્યૂનાધિક મધુસર્પિષી (મધ ઘી) પાષાણપર મુકી સોનાથી લસોટીને તે ગૃહ્યોક્ત મંત્રવડે પુત્રને પાઇ દેવું ને પછી યથાવૈભવ બ્રાહ્મણાદિકને દાન આપવું.

છે. એ પ્રમાણે ૧ પહેલો, ૬ છઠ્ઠો,* ૧૦ દશમો એટલા દિવસોમાં જન્મસંબંધી દેવતાનાપૂજનનો શાસ્ત્રવચનથી પિતાને અધિકાર છે. મૂળ પુરૂષને આરંભી સાતમા પુરૂષસુધીના વંશજોને (૧ થી ૭) "સપિંડ" જાણવા. તે પછીના† સાત પેઢી લગીનાને (૮ થી ૧૪) "સોદક" જાણવા. અને તે પછીના સાત પેઢીવાલાને (૧૫ થી ૨૧ "સગોત્ર" સમજવા. જ્યાં સપિંડને દશ રાત્રિનું મૃતસૂતક હોય ત્યાં સોદકને ત્રણ રાત્રિનું લાગે ને સગોત્રને સ્નાન માત્ર લાગે.

૬ પ્રસૂતા એટલે જણનારીના વિશેષ નિયમ.

૬ गर्भिण्यादशाहोत्तरंपुत्रोत्पत्तौविंशातिदिनानिकन्योत्पत्तौमासपर्यंतकर्मानधिकारः ॥

સુવાડી સ્ત્રીને દશ દિવસનો અસ્પર્શ મટયા પછી, જો પુત્ર આવેલે હોય તો વીશ દિવસ સુધી અને કન્યા અવતરેલી હોય તો માસપર્યંત તેને કર્મનો અધિકાર નથી.

૭ મૃતાશૌચ એટલે મરણસૂતક-મરેલું છોકરૂં આવે તેનું.

૭ अथमृताशौचम्-तत्रतद्गतामस्पृश्यत्वंकर्मानधिकारश्चेत्युभयंभवति । मृतजातेशिशौसर्वेषांसपिंडानांदशाहंजननाशौचंमृताशौचंतुनास्ति ॥

આ મૃતસૂતકમાં સૂતકીને ક્યાંહી સ્પર્શનો તથા કર્મનો અધિકાર નથી મૃતબાળક એટલે મુએલું છોકરૂં અવતરે તો બધા સાત પેઢીવાલાને દશ (૧૦) દિવસનું વૃદ્ધિસૂતક (વરધસુવાળુ) લાગે, પણ મૃતાશૌચ (મરણસૂતક) લાગે નહિ.

૮ નાલ છેધા પહેલાં મરણ.

૮ नालच्छेदनात्पूर्वंशिशौमृतेमातुर्दशाहं । पित्रादिसपिंडानांत्रिरात्रंजननाशौचंमृताशौचंतुनास्ति ॥

નાલછેદન કરવા અગાઉ બાળક મરણ પામે તો માતાને દશ (૧૦) દિવસનું અને પિતાદિક સપિંડોને (ઓરમાનમાને) ત્રણ રાત્રિનું વૃદ્ધિસૂતક લાગે મૃતસૂતક લાગે નહિ. (મનુસ્મૃતિ)

---

* "છઠ્ઠીના લેખ આ દિવસે લખાય છે." એમ લોક કહે છે.

† આઠમી પેઢીથી દશમી પેઢી સુધીનાને "સકુલ્ય" ગણવાનો પણ પક્ષ છે.

૯ નાલ છેદ્યા પછી મરણ.

૯ नालच्छेदादूर्ध्वंशिशुमरणेदशाहंजननाशौचंसर्वेषांसपिंडानामस्ति मृताशौचंतुनास्ति ॥

નાલ વધેર્યા પછી બાળક મરે તો સાત પેઢીવાલાને જનનાશૌચ એટલે વૃદ્ધિસૂતક દશ (૧૦) દહાડાનું લાગે. મૃતાશૌચ એટલે મરણસૂતક લાગે નહિ.

૧૦ નામ પાડયા પહેલાં મરણ.

૧૦ दशाहानंतरंनामकरणात्प्राक्शिशुमरणेस्नानमत्रेणसपिंडानांशुद्धिः। मातापित्रोस्त्रिरात्रंपुत्रमृतौकन्यामृतौतुएकाहः नाम्नः पूर्वंखननमेवनित्यं। नोदकदानादि। अलंकरणंतुसर्वत्रभवति ॥

દશ દિવસ પછી અને નામ પાડતાં પહેલાં સંતતિનું મરણ થાય તો સાત પેઢીવાલાને સ્નાન માત્ર લાગે. મરનાર પુત્ર હોય તો ત્રણ રાત્રિનું અને કન્યા હોય તો એક દિવસનું માબાપને સૂતક લાગે. નામ પાડયા પહેલાં મુએલા બાળકને ડાટવાનોજ નિર્ણય છે. સ્મશાનમાં ઉદકદાનાદિ ન આપવું. વસ્ત્ર પુષ્પ ચંદનાદિવડે પ્રેતમાત્રને અલંકૃત તો કરવાંજ. (નામ પાડવાનો કાળબ્રાહ્મણને ૧૧ મો દિન, ક્ષત્રિયને ૧૩ મો દિન, વૈશ્યને ૧૬ મો દિન અને શૂદ્રને ૩૧ મો દિન ક્રમે જાણવો.

૧૧ નામ પાડયા પછી વર્ષપર્યંતનું મરણ.

૧૧ नामकरणोत्तरंवर्षपर्यंतंदाहखननयोर्विकल्पः ॥

નામ પાડયા પછીના વર્ષ લગીના બાળકને ડાટે અથવા બાળે એવા બે પક્ષ છે.

૧૨ દંતોત્પત્તિ એટલે દાંત ઉગ્યા પહેલાં મરણ.

૧૨ नामोत्तरंदंतोत्पत्तेःप्राक्पुत्रमरणेदाहेसपिंडानामेकाहः खननेतुस्नानाच्छुद्धिःमातापित्रोरुभयत्रापित्रिरात्रं। कन्यामृतौतुत्रिपुरुषसपिंडानांउभयत्रापिस्नानाच्छुद्धिः। मातापित्रोरुभयत्रापिएकाहः ॥

નામ પાડયા પછી અને દાંત ફૂટયા પહેલાં પુત્ર મરણ પામે ને જો તેને બાળે તો સાત પેઢીવાળાઓને એક દિવસનું મરણસૂતક લાગે ને ડાટે તો સ્નાન માત્રથી શુદ્ધિ છે. પરંતુ માતાપિતાને તો બેઉ પક્ષમાં એટલે

બાળે અથવા ડાટે તોપણ ત્રણ *રાત્રિનું સૂતક લાગે. કન્યા મરણ પામેલી હોય તો ત્રણ પેઢીના સંબંધીઓને બેઉ પક્ષમાં સ્નાનમાત્રથી શુદ્ધિ અને માબાપને તો બેઉ પક્ષમાં એક દિવસનું સૂતક લાગે.

૧૩ †દાંત ઉગ્યા પછી ત્રણ વર્ષ સુધીનું મરણ.

१३ दंतोत्पत्तेरूर्ध्ववर्षत्रयपर्यंतं । पुत्रमरणेदाहेखननेवासपिंडानामेकाहः । मातापित्रोस्त्रिरात्रं । कन्यामृतौतुत्रिपुरुषसपिंडानांउभयत्रापिस्नानाच्छुद्धिः । मातापित्रोस्त्रिदिनमाशौचं ॥

દાંત ઉગ્યા પછી (૩) ત્રણ વર્ષપર્યંત મરણ પામેલા પુત્રને બાળે કે ડાટે તો સાત પેઢીવાળાને એક દિવસનું અને માબાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે. અને કન્યામરણમાં ત્રણ પેઢીના સંબંધીઓને સ્નાન માત્ર અને માબાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે.

૧૪ ત્રણ વર્ષ સુધીમાં ‡કૃતચૂડ (વાળ ઉતરાવેલા) બાળનું મરણ.

१४ प्रथमवर्षादौकृतचूडस्यपुत्रस्यमरणेपित्रादिसपिंडानांत्रिदिनमाशौचंनियतं । दाहश्चनियतः ॥

પ્રથમ વર્ષ પછીથી ત્રણ વર્ષની અવધિમાં વાળ ઉતરાવેલા મૃતપુત્રનું પિતાથી આરંભી સાત પેઢીના પુરૂષોને તથા (ઓરમાનમાને) ત્રણ રાત્રિનું સૂતક લાગે. અને એવા મરેલા બાળકને બાળવોજ એવો નિર્ધાર છે.

૧૫ ત્રણ વર્ષ ઉપરની વયના પુત્રનું મરણ.

१५ त्रिवर्षोर्ध्वंकृतचूडस्याकृतचूडस्यवापुत्रस्यमरणेप्रागुपनयनात्पित्रादिसपिंडानांत्रिदिनमाशौचं । दाहश्चनियतः । उदकदानादितूष्णीं । कृतचूडस्यभूमौपिंडदानंतूष्णीं ॥

વાળ ઉતરાવેલા હોય કે ન હોય એવો ત્રણ વર્ષ ઉપરાંતનો પુત્ર જનોઈ દીધા પહેલાં મરણ પામે તો માતાપિતાથી માંડીને સાત પેઢી લગીના સર્વને ત્રણ દિનનું સૂતક લાગે ને તેવા પુત્રને બાળવોજ. ઉદકદાના-

---

* જે સુતકમાં પિતાને ત્રિરાત્ર ત્યાં સપિંડોને એક રાત્ર, અને સગોત્રને સ્નાન માત્ર અને જે સુતકમાં પિતાને એક રાત્ર ત્યાં સપિંડોને સ્નાન માત્ર. વળી જ્યાં સપિંડોને દશ દહાડાનું સુતક ત્યાં સોદકોને ત્રિરાત્ર જાણવું.

† દંતજનનકાલ એટલે દાંત ઉગવાનો વખત—ઘણું કરીને બાળકની ઉંમરનો ૭ મે. માસ ગણાય છે.

‡ કૃતચૂડ એટલે બાળકનો વાળ ઉતરાવાને કાળ ઘણું કરી પ્રથમ વા તૃતીય વર્ષે ગણાયછે.

દિ બોલ્યાવિના આપવું. વાળ ઉતરાવેલા મૃતપુત્રને તો પૃથ્વી ઉપર મુગે મોંઢે પિંડદાન દેવું.

૧૬ ત્રણ વર્ષ પછીને વાગ્દાન (વેસવાળ) પહેલાં કન્યામરણ.

१६ कन्यायाःवर्षत्रयानंतरंवाग्दानात्प्राक्मरणेत्रिपुरुषसपिंडानामेकाहः। मातापित्रोस्त्रिदिनं। दाहोदकदानादितूष्णीमेव॥

ત્રણ વર્ષ ઉપરાંત અને વાગ્દાન થતાં પહેલાં મરણ પામેલી કન્યાનું ત્રણ પેઢીવાળાને એક દિવસનું અને માબાપને ત્રણ દિવસનું સૂતક લાગે. અગ્નિસંસ્કાર અને ઉદકદાનાદિ બોલ્યાવિના કરવું.

૧૭ વાગ્દાન પછી ને પરણ્યા પહેલાં કન્યામરણ.

१७ वाग्दानोत्तरंविवाहात्प्राग्मृतासुकन्यासुभर्तृकुलेपितृकुलेचसप्तपुरुषसपिंडानांपित्रादीनांसर्वेषांत्रिदिनमाशौचं। दाहोदकदानादितूष्णीम्॥

વિવાહ (વેસવાળ) પછી અને લગ્ન પહેલાં મૃતકન્યાનું સાસરિઆના અને પીઅરીઆનાં બંને કુલમાં પિતાદિ સાત (૭) પેઢીના સર્વ સંબંધીઓને ત્રણ દિવસનું સૂતક લાગે. દાહ, ઉદકદાનાદિ મૌન રહી કરવું.

સંબંધીઓની ગણત્રી.

(ત્રણ પેઢીસુધીનાં માણસોને "ત્રિપુરૂષ સપિંડ" જાણવા, સાત પેઢીસુધીનાં માણસોને "સપિંડ," આઠથી ચઉદ પેઢીસુધીનાં માણસોને "સોદક" અને તે ઉપરાંત પંદરથી એકવીશ પેઢીસુધીનાંને "સગોત્ર" સમજવાં. ઉપરના સંબંધીઓની ગણના યાદમાં રહેવા ફરી કરી છે.)

૧૮ જનોઈ દીધેલા દીકરાનું સૂતક.

१८ उपनयनोत्तरंमृतस्यपुरुषस्यसर्वेषांसपिंडादीनांविप्राणांदशाहं। क्षत्रियाणांद्वादशाहं। वैश्यानांपंचदशाहं। शूद्राणांमासं। सच्छूद्राणांमासार्द्धं। सोदकानांत्रिरात्रं। गोत्रजानांस्नानाच्छुद्धिः

ઉપવીત એટલે જનોઈ આપેલા મૃતપુરૂષ (મરેલા પુત્ર) નું સર્વ સપિંડોને એટલે સાત પેઢીના પિત્રાઈઓને પુરું સૂતક લાગે–બ્રાહ્મણજાતિને દશ દિવસનું, ક્ષત્રિયને બાર દિવસનું, વૈશ્યવર્ણને પંદર દિવસનું, શૂદ્રને (મરનાર પરણેલો હોય તો) એક મહિનાનું અને ત્રિવર્ણકી સેવામાં ઉપયો-

ગી એવા સતશૂદ્રને પખવાડીઆનું સૂતક લાગે, સોદકને ત્રણ રાત્રિનું અને સગોત્રને સ્નાન માત્ર લાગે. (એક એવો પણ પક્ષ છે કે ચારે વર્ણને દશ દશ દિવસનું સૂતક લાગે.)

૧૯ પરણાવેલી દીકરી મરે તેનું.

१९ विवाहोर्ध्वंकन्यायाःपितृगृहेमरणेमातापित्रोः सोदरभ्रातुश्चत्रिरात्रं । पितृव्यादीनामेकाहः ॥

પરણાવેલી કન્યા પિતાને ઘેર મરે તો માતાપિતાને તથા સગાભાઈને ત્રણ રાત્રિનું અને કાકા વગેરે સર્વને એક દિવસનું સૂતક લાગે.

૨૦ પિતાને ઘેર દીકરીને સુવાવડ આવે તેનું.

२० ऊढायाः कन्यायाः पितृगृहेप्रसवेमातापित्रोस्त्रिरात्रं । सोदरस्यैकरात्रं । पितृव्यादीनामेकाहइतिकेचित् ॥

બાપના ઘરમાં બેટીને પ્રસવ (સુવાવડ) થાય તો માતાપિતાને ત્રણ રાત્રિનું, સગા ભાઈને એક રાત્રિનું અને કાકા વગેરે સર્વને જનનાશૌચ એટલે વૃદ્ધિસૂતક લાગે એમ કેટલાક કહેછે.

૨૧ પતિના ઘરમાં સ્ત્રિને પ્રસવ થાય તેનું.

२१ पतिगृहेप्रसवेपित्रादीनामाशौचंनास्ति ॥

સ્વામીના ઘરમાં સ્ત્રીને પ્રસવ થાય (બાળક અવતરે) તો પિતા આદિક પીઅરીઆને વૃદ્ધિસૂતક લાગે નહિ.

૨૨ પતિના ઘરમાં સ્ત્રીનું મરણ.

२२ ऊढायाःकन्यायाःपतिगृहेमरणेमातापित्रोस्त्रिरात्रम् ॥

પતિ (ધણી)ના ઘરમાં સ્ત્રીનું મરણ થાય તો તે સ્ત્રીનાં માબાપને ત્રણ રાત્રનું સૂતક લાગે.

૨૩ માબાપનું મરણસૂતક પરણેલી દીકરીને.

२३ मातापित्रोर्मरणेऊढपुत्र्यास्त्रिरात्रंदशाहांतं । दशाहोर्ध्वंकालांतरेवत्सरांतेपिपक्षिणी । अत्रैवअतिक्रांताशौचंब्राह्मणवचनाद्भवातनान्यत्र ॥

માતાપિતાના મરણમાં પરણેલી પુત્રીને જો દશ દિવસ લગીમાં જાણે તો ૩ રાત્રિનું અને દશ દિવસ ઉપરાંત કાલાંતરે એક વરસસુધી જાણ-

વામાં આવે તો પણ પક્ષિણી એટલે દોઢ (૧॥) દિવસનું સૂતક લાગે. આ ઠેકાણેજ બ્રહ્મસ્મૃતિનાં વચનથી અતિક્રાંતાશૌચ એટલે ગયેલું સૂતક છે બીજે ઠેકાણે નહિ.

૨૪ ભાઇ બેનને પરસ્પરનું.

२४ भ्रातृभागिन्योःपरस्परगृहमरणेपरस्परस्यत्रिरात्रं । गृहांतरमृतौतुपरस्परस्यपक्षिणी ॥

ભાઈ બેનનું એક બીજાને ઘેર એટલે બેનને ઘેર ભાઈનું અને ભાઈને ઘેર બેનનું મરણ થાય તો પરસ્પર ત્રણ રાત્રિનું અશૌચ લાગે. ને જો પોતપોતાને ઘેર કે બીજે ઠેકાણે મરણ પામે તો એક બીજાને પક્ષિણી (દોઢ દિવસનું) સૂતક લાગે.

૨૫ મામાનું મરણસૂતક.

२५ मातुलमरणेभागिन्यपत्य स्यपक्षिणी । उपकारिमातुलमरणेतुत्रिरात्रम् ॥

મામો મરે તો ભાણેજને પક્ષિણી અને જો ઉપકારી મામો મરે તો ત્રણ રાત્રિનું મૃતસૂતક લાગે.

૨૬ મામીનું સૂતક.

२६ मातुलान्यामरणेभर्तृभगिन्य पत्यस्यपक्षिणी ॥

મામીના મરણમાં તેની નણંદનો દીકરો એટલે ભાણેજ પક્ષિણી સૂતક પાળવાથી શુદ્ધ થાય.

૨૭ ભાણેજડાનું સૂતક મામા માશીને.

२७ उपनीतभागिनेयमरणेमातुलस्यमातुलभगिन्याश्चत्रिरात्रं । अनुपनीतेमृतेतुमातुलस्यमातुलभागिन्याश्चपक्षिणी ॥

જનોઈ દીધેલો ભાણેજ મરે તો મામા તથા માશીને ત્રણ રાત્રિનું સૂતક લાગે. ને જો જનોઇ દીધા વગરનો ભાણેજ મરે તો તેમને પક્ષિણી સૂતક સમજવું.

૨૮ માતામહ એટલે માના બાપ (નાના અથવા વડવા)નું.

२८ मातामहमरणेदुहित्रपत्यस्य त्रिरात्रम् ॥

માતામહ એટલે માતુશ્રીનો પિતા મરણ પામે તો દૌહિત્ર એટલે મરનારની દીકરીના દીકરાને ત્રિરાત્રિનું અશૌચ લાગે.

૨૯ દીકરીના દીકરાનું.

२९ अनुपनीतदौहित्रमरणेमातामहस्यमातामह्याश्चपक्षिणी । उपनीतेमृतेतुत्रिरात्रमितिकेचित् ॥

ઉપવીત એટલે જનોઈ દીધા વગરનો (દૌહિત્ર) દીકરીનો દીકરો મરે તો વડીઆઇ વડાવા એટલે માના માબાપને પક્ષિણી (દોઢ દિવસ)નું સૂતક લાગે, અને જનોઇ દીધેલો દૌહિત્ર મરે તો તેઓને ત્રણ રાત્રિનું સૂતક લાગે એમ કેટલાક કહે છે.

૩૦ વડીઆઈ એટલે માની માનું.

३० मातामह्यांमृतायांदुहित्रपत्यस्यपक्षिणी ॥

વડીઆઇ અથવા નાની એટલે માની મા મરણ પામે તો તેની દીકરીના દીકરાને પક્ષિણી એટલે દોઢ દિવસનું મૃતસૂતક લાગે.

૩૧ સાસુસસરાનું.

३१ श्वश्रूश्वशुरयोर्मृतौसत्यांजामातुःसान्निधौत्रिरात्रमसन्निधौ-पक्षिणी । ग्रामांतरेचैकरात्रम् ॥

સાસૂ સસરાના મરણકાળે જમાઇ પાસે હોય તો તેને ત્રણ રાત્રિનું. પાસે નહિ પણ એજ ગામમાં હોય તો પક્ષિણી (દોઢ દિવસ)નું અને જો પોતે જમાઈ પરગામ (બહારના ગામ)માં હોય તો માત્ર એક રાત્રિનું સૂતક લાગે.

૩૨ જમાઇનું સૂતક.

३२ जामातरिमृतेतुश्वश्रूश्वशुरयोःस्नानाच्छुद्धिः । एकाहमा-शौचमितिकेचित् ॥

જમાઇના મરણમાં સાસૂ સસરાને સ્નાનમાત્ર લાગે; અથવા તો એક દિવસનું સૂતક પાળવાવિષે પણ એક પક્ષ છે.

૩૩ સાળાનું તથા સાળાના છોકરાનું.

३३ श्यालकेमृतेभागिनीभर्त्तुःएकाहः । श्यालकसुतमरणेतुस्ना-नमात्रम् ॥

શ્યાલક એટલે સાળો મરણ પામે તો બનેવીને એક (૧) દિવસનું સૂતક અને સાળાનો પુત્ર મરે તો સ્નાન માત્ર લાગે.

૩૪ ફોઇનું સૂતક.

३४ पितृष्वसरिमृतायांभ्रात्रपत्यस्यपाक्षिणी ॥

ફોઇ (બાપની બેન)ના મરણ સંબંધી ભત્રીજાને પક્ષિણી (દોઢ દિવસનું સૂતક લાગે.

૩૫ માશીનું સૂતક.

३५ मातृष्वसरिमृतायांस्वस्रपत्यस्यपाक्षिणी ॥

માશીના મરણમાં તેની બેનના પુત્ર (ભાણેજ)ને પક્ષિણી સૂતક લાગેછે.

૩૬ બંધુત્રય તથા દત્તકનું.

३६ आत्मनःपितृष्वस्रमातृष्वस्रमातुलपुत्राःआत्मबांधवाः । पितुःपितृष्वस्रमातृष्वसृमातुलपुत्राःपितृबांधवाः । मातुःमातृष्वसृपितृष्वसृमातुलपुत्राःमातृबांधवाः । एतेत्रिविधाबांधवाः । बंधुत्रयेएतेषुमृतेषुपाक्षिणी । पितृष्वस्रादिकन्यानामूढानांमरणेएकाहः । दत्तकमृतौतुपूर्वापरापित्रोस्त्रिरात्रं । सपिंडानामेकाहः ॥

પોતાની ફોઇના માશીના તથા મામાના પુત્રને "આત્મબંધુ" જાણવા. પિતાની ફોઇ, માશીના તથા મામાના જે પુત્ર તેમને "પિતૃબંધુ" કહેવાય. માતાની ફોઇના, માશીના, તથા મામાના પુત્રોને "માતૃબંધુ" ગણવા. એ ત્રણ પ્રકારના બંધુઓમાંથી કોઇ મરણ પામે તો પક્ષિણી દોઢ દિવસ)નું સૂતક લાગે. ઉપર કહેલા બાંધવોમાંની એટલે મામા માશી. કે ફોઇની પરણેલી કન્યા મરણ પામે તો માત્ર એક દિવસનું સૂતક લાગે

દત્તક એટલે ખોળે લીધેલો પુત્ર મરે તો જન્મ આપનાર તથા ખોળે લેનાર માબાપોને ત્રણ રાત્રિનું સૂતક આવે. બેઉ તરફના સપિંડ એટલે સાત પેઢીવાળા પિતરાઈઓને એક (૧) દિવસનું સૂતક લાગે.

૩૭ દત્તકને માબાપનું.

३७ पूर्वापरापित्रोर्मृतौदत्तकस्यत्रिरात्रम् ॥

જો દત્તક પુત્રનાં બેઉ પક્ષનાં માબાપમાંથી કોઇ મરણ પામે તો તે દત્તકને ત્રણ (૩) રાત્રિનું સૂતક લાગે.

૩૮ દત્તકના પુત્ર પૌત્ર એટલે છોકરા તથા છોકરાના છોકરાનું.

३८ दत्तकस्यपुत्रपौत्राणांमरणेजननेवासापिंडानामेकाहः ॥

દત્તકના પુત્ર તથા પૌત્રનું જન્મ કે મરણ થાય તો સાત પેઢીવાળા ઓને વૃદ્ધિસૂતક કે મરણસૂતક એક (૧) દિવસનું લાગે.

૩૯ સપિંડદત્તક એટલે સાત પેઢીમાંથી લીધેલા દત્તકનું.

૩૯ सपिंडेपुत्रीकृतेदत्तकेमृतेतुसपिंडानांदशाहएव ॥

સપિંડ મધ્યેનો પુત્ર દત્તક લીધો હોય તેના મરણમાં સર્વ સપિંડોને દશ દિવસનું મૃતાશૌચ લાગે.

૪૦ આચાર્યાદિનું.

૪૦ आचार्यमरणेशिष्यस्यत्रिरात्रं । तत्पुत्रपत्न्योर्मरणेएकाहः । उपनीयाध्यापकआचार्यइत्युच्यते । वेदैकदेशाध्यापकउपाध्यायः । तन्मरणेशिष्यस्यैकरात्रम् ॥

આચાર્યનું સૂતક શિષ્યને ત્રણ રાત્રિનું ગણાય; અને આચાર્યનાં સ્રી-પુત્ર મરે તો તેઓનું શિષ્યને એક દહાડાનું સૂતક લાગે. ઉપવીત (જનોઈ) ધારણ કરાવી ભણાવે તે "આચાર્ય" કેહેવાય, થોડો ઘણો *વેદનો ભાગ ભણાવનારને "ઉપાધ્યાય" કહિયે. તે ઉપાધ્યાયના મરણમાં શિષ્યને એક રાત્રિનું મૃતાશૌચ લાગે. (ગુરૂનું પક્ષિણી સૂતક પાળવાનો પક્ષ પણ શુદ્ધિ મયૂખમાં છે.)

૪૧ શિષ્યનું ગુરૂને.

૪૧ शिष्यस्योपनीतस्यमरणेगुरोस्त्रिरात्रं । परोपनीतस्यमरणेतुएकरात्रम् ॥

જનોઈ આપનાર ગુરૂને શિષ્યનું ત્રણ (૩) રાત્રિ મરણ સૂતક લાગે. પણ જો બીજાએ જનોઇ દીધેલો પોતીકો શિષ્ય મરે તો તેનું ગુરૂને એક રાત્રિ મૃતસૂતક લાગે.

૪૨ સહાધ્યાયી એટલે સાથે શીખનારનું.

૪૨ सहाध्यायिनोमृतौएकग्रामीणयोरनूचानश्रोत्रिययोर्मृतौसुचैकाहः । सांगवेदाध्यायीअनूचानः । वेदमात्राध्यायीश्रोत्रियः । अध्ययनशब्दार्थस्यार्थज्ञानपर्यवसायित्वंन्यायसिद्धम् ॥

એકજ ગુરૂની પાસે જોડે શીખનાર અને તેમજ એકગ્રામીણ અનૂચાન કે શ્રોત્રિય મરે તો એક દિવસનું મૃતાશૌચ જાણવું—"એક ગ્રામીણ" એટલે એક ગામમાં રહેનાર, "અનૂચાન" એટલે † અંગસહિત વેદનું અ-

---

* ચાર વેદનાં નામ—ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

† વેદનાં ૬ અંગ છે તેનાં નામ—શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ ને જ્યોતિષ.

ધ્યયન કરનાર. "શ્રોત્રિય" એટલે એકલો (અંગવિનાનો) વેદ ભણનાર. "અધ્યયન" એટલે અર્થજ્ઞાન સહિત શીખવું; એ ન્યાય સિદ્ધ છે.

૪૩ સ્નેહી શ્રોત્રિય જેના ઘરમાં મરે તેને.

४३ असपिंडस्यापिश्रोत्रियस्यमैत्रादिसंबंधस्ययद्गृहेमरणंतद्गृहस्वामिनएकरात्रम् ॥

અસપિંડ એટલે સાતપેઢીમાંનો નહિ એવો કોઈ પણ *સ્નેહી વેદસંપન્ન શ્રોત્રિય જેના ઘરમાં મરણ પામે તો તે ઘરધણીને એક રાત્રિનું સૂતક લાગે.

૪૪ સર્વ સપિંડોને જેઓનું સ્નાન માત્ર લાગે એવાં મરણ.

४४ वानप्रस्थेयतौषंढेचमृतेयुद्धेचमृतेसपिंडानांस्नानमात्रम् ॥

† વાનપ્રસ્થ, સન્યાસી તથા નપુંસક એમાંનો કોઇ મરે, તેમજ કોઈ રણસંગ્રામમાં મરે તો તેના સપિંડોને સ્નાન માત્ર લાગે.

॥ अथातिक्रांताशौचं ॥

૪૫ અતિક્રાંતાશૌચ.

४५ तत्रजननेऽतिक्रांताशौचंनास्ति । पितुःस्नानंतत्रापिभवति । मृतकेतुअनुपनीतमरणादिनिमित्तकत्रिरात्रादिषुभगिनीमातुलादिमरणनिमित्तकत्रिरात्रादिषुचातिक्रांताशौचनास्ति । किंतुदशाहादिमृताशौचविषयमेव ॥

વ્યાખ્યા—"અતિક્રાંતાશૌચ એટલે સૂતક લાગવાના દિવસો વીતી ગયા પછી જાણવામાં આવે તે. પ્રથમ સંબંધાનુસાર સૂતક પાળવાના કહેલા દિવસ વીત્યા પછી અવતર્યાના કે મુઆના સમાચાર સાંભળવામાં આવે ત્યારે સૂતક પાળવું કે કેમ તેનો નિર્ણય."

તેમાં વૃદ્ધિસૂતક કહેલા દિવસ વીત્યા પછી લાગી શકતું નથી તોપણ પિતાને સ્નાન લાગે ખરું.

---

* મિત્ર જેના ઘરમાં મરે તો તે ઘરધણીને પક્ષિણી ને જો બીજે ઠેકાણે મરે તો તેનું અહોરાત્ર સૂતક લાગે. (ધર્મપ્રબોધિની.)

† "વાનપ્રસ્થ" એ ત્રીજો આશ્રમ છે. તેમાં જો ગૃહસ્થને ઉત્તર અવસ્થામાં પોતાના જીર્ણ શરીરને જોઈ વિષયવાસનાથી ચિત્ત વિરામ પામે તો તે ગૃહકારભાર પુત્રને સોંપી સ્ત્રીસહિત અથવા એકલો વનમાં જઈ કંદમૂળ ખાઈ કાલક્ષેપણ કરે.

મરણમાં તો જનોઈ દીધાવગરના મરણાદિનિમિત્ત ત્રિરાત્ર જેવાં સૂતકને તથા બેન મામા આદિકના મરણનિમિત્ત ત્રિરાત્રિ જેવાં સૂતકને અતિક્રાંતાશૌચ લાગે નહિ. (તેમજ પક્ષિણી કે એક રાત્રના જન્મસૂતકનું પણ અતિક્રાંતાશૌચ ન લાગતાં સ્નાન માત્ર લાગે.) કેમકે અતિક્રાંતાશૌચ એ દશ દિવસ કે તેથી વધતા દિવસના મૃતાશૌચનો વિષય છે.

૪૬ દશ દહાડામાં જન્મમરણની ખબર પડે તો.

४६ दशाहमध्येजननेमरणेज्ञातेपुत्रादीनांचसर्वेषांशेषेणैवशुद्धिः । संस्कारमापिशेषेणैवसमापयेत् । अस्थिपर्णशरसंस्कारमपिशेषेणैवसमापयेत् ॥

દશ દિવસમધ્યે જન્મ અથવા મરણ જાણવામાં આવે તો પુત્રાદિ સર્વે સાતપેઢીવાલાને જાણ્યામાં આવે ત્યારથી બાકી રહેલા દિવસ પાળવાથી શુદ્ધિ છે જેમ કે (ત્રણ દિવસ થઈ ગયા પછી સાંભળવામાં આવે તો બાકીના સાત દિવસજ સૂતક લાગે ઈત્યાદિ.) ક્રિયા તથા અસ્થિપર્ણાદિ સંસ્કાર પણ બાકી રહેલા દિવસથીજ પૂરા કરવા.

૪૭ ત્રણ દિવસના મૃતાશૌચમાં અતિક્રાંતાશૌચ ન લાગે.

४७ आद्यत्रिरात्रमध्येसमानोदकमरणेज्ञातेसमानोदकानांशेषेणैवशुद्धिः । त्रिरात्रेऽतिक्रांतेतुदशाहमध्येज्ञातेपिनाशौचंकिंतुस्नानमात्रं । अयमेवन्यायः मातुलादित्रिरात्रादिषुज्ञेयः ॥

સોદક એટલે સાત પેઢી ઉપરાંત ચઉદ પેઢી મધ્યેના પિત્રાઇનું મરણ પ્રથમની ત્રણ રાત્રિમાં જાણવામાં આવે તો ત્રણ રાત્રિ પુરી થતાં શુદ્ધિ જાણવી ને ત્રણ રાત્રિ વીતી ગયા પછી તો દશ દિવસ મધ્યે જાણ્યામાં આવે તોયે ત્રિરાત્રિવાળા સૂતકીને પછી સૂતક લાગતું નથી. સ્નાન માત્રથીજ શુદ્ધિ છે. મામા માશી આદિકનાં જેટલી જગાએ ત્રણ રાત્રનાં સૂતક છે તેટલી જગાએ ઉપરનો પ્રકાર લાગુ પાડવો એટલે ત્યાં અતિક્રાંતાશૌચ ન પાળવું.

૪૮ માતાપિતાનું દીકરાને અતિક્રાંતાશૌચ.

४८ मातापित्रोर्मरणेदूरदेशेपिसंवत्सरांतरमपिश्रवणेपुत्रोदशाहादिपूर्णमेवाशौचंकुर्यात् ॥

માતાપિતાના મૃત્યુસમયે દીકરો કને નહિ છતાં દૂર દેશાવર ગયેલો હોય ને વરસ વીતી ગયા પછીથી પણ જો તે પુત્ર માબાપના મોતની

ખબર સાંભળે તે દિનથી પાછું ફરી તેને દશ દિવસાદિ પૂર્ણ મૃતસૂતક પાળવું પડે.

૪૯ પતિપત્નીનું પરસ્પર.

४९ स्त्रीपुंसयोःपरस्परमरणेपरस्परंदेशांतरेवत्सरांतेपि पूर्णदशाहादिभवति ॥

પતિપત્ની (સ્ત્રીપુરૂષ) માંથી કોઇ મરણ પામે ને તેઓ એક બીજાથી જુદાં દેશાંતરમાં હોય ને મુએ વરસ થઇ ગયું હોય તોપણ જાણે તે દિનથી દશ દિવસ આદિનું પૂર્ણ મરણસૂતક પરસ્પર એટલે પુરૂષનું સ્ત્રીને અને સ્ત્રીનું પુરૂષને લાગે.

૫૦ સપત્ની એટલે શોકયનું પરસ્પર.

५० सपत्नीषुपरस्परमृतौपरस्परस्यदेशकालावनपेक्ष्यदशाहंपूर्णमेवाशौचंभवति ॥

શોકયના મરણમાં એક બીજીને બરોબર દશ દહાડાનું પૂર્ણ મૃતસૂતક વળગે. એમાં દેશકાળ જોવાની જરૂર નહિ.

૫૧ સાપત્ન એટલે ઓરમાનમાનું.

५१ सापत्नमातुर्मरणेसंवत्सरोर्ध्वमपिदेशांतरेपित्रिरात्रम् ॥

ઓરમાનમાના મરણની ખબર વરસ પછી પણ દેશાંતરમાં સાંભળ્યામાં આવે તો ઓરમાન પુત્રને ત્રણ (૩) રાત્રિનું સૂતક લાગે.

૫૨ ઔરસ એટલે પેટના પુત્રનું.

५२ औरसपुत्रेमृतेसंवत्सरोर्ध्वमपिमातापित्रोस्त्रिरात्रम् ॥

ઔરસ પુત્રનું મૃતસૂતક વરસ વીત્યા પછી દેશાંતરમાં પણ માતાપિતાને સાંભળે તે દિનથી ત્રણ રાત્રિનું લાગે.

૫૩ જ્ઞાતિ એટલે સપિંડ અથવા સજાતિનું એક દેશમાં.

५३ दशाहोर्ध्वमेकदेशेज्ञातिमरणेज्ञातेमासत्रयपर्यंतंत्रिरात्रं । षण्मासपर्यंतंपक्षिणी । नवमासपर्यंतंएकदिनंतदनंतरंस्नानमात्रमितिवृद्धवसिष्ठः । पक्षत्रयपर्यंतंत्रिरात्रं । षण्मासपर्यंतंपाक्षिणी - वर्षपर्यंतमेकरात्रं । तदूर्ध्वंस्नानमात्रमितिमाधवोदेवलः । अत्रापदनापद्विषयत्वेनव्यवस्थाद्रष्टव्या ॥

એક દેશમાં જ્ઞાતિ (સપિંડ અથવા સજાતીય) ના સંબંધમાંથી કોઇ મરી જાય ને દશદિવસ વીત્યા પછી ત્રણ માસ પૂરા થતાં જાણવામાં આવે તો ત્રણ રાત્રિનું, છમાસ લગીમાં માલમ પડે તો પાક્ષણી (દોઢ દિવસ) નું, નવમાસ સુધીમાં જણાય તો એક દિવસનું સૂતક લાગે. તે ઉપરાંત જાણયમાં આવે તો સ્નાનમાત્રથી શુદ્ધિ થાય એવું "વૃદ્ધવસિષ્ઠનું" કહેલુંછે પણ વળી "માધવ" અને "દેવળ" એ બેઉ ઋષિઓનું મત એમ છે કે દશાહ ઉપરાંત દોઢમાસ સુધીમાં સાંભળે તો ત્રણ રાત્રિનું, છ માસ લગીમાં પક્ષિણી (દોઢદિવસ)નું અને વર્ષસુધીમાં જાણ્યામાં આવે તો એક રાત્રિનું સૂતક લાગે, પછી તે ઉપરાંત સ્નાન માત્ર લાગે. આ ઠેકાણે આપત્કાળ કે અનાપત્કાળના વિષયની વ્યવસ્થા જાણવી (દોઢમાસ લગીમાં એક રાત્રિનું સૂતક અને પછીથી સ્નાન માત્ર વિષે પણ વચન છે.) સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં ઘણું કરી દશદિન વીતીગયા પછી સાંભળે તો સ્નાન માત્ર કરે છે."

૫૪ દેશાંતરમાં જ્ઞાતિ એટલે સપિંડ વા સજાતિનું મરણ.

૯૪ दशाहोर्ध्वंदेशांतरेज्ञातेत्रिपक्षपर्यंतंत्रिरात्रं । ततोमासषट्कपर्यंतं अहोरात्रं । ततोवर्षपर्यंतंदिवाश्रवणेआसायंरात्रिश्रवणेआप्रातराशौचं । वत्सरांतेत्रस्नानाच्छुद्धिः । इदंसर्वमतिक्रांताशौचंसर्ववर्णसाधारणं । अत्रदेशांतरेज्ञातिमृतेज्ञातेस्नानाच्छुद्धिरितिज्ञेयं । देशांतरंतुविप्रस्यविंशतियोजनांतरंक्षत्रियस्यचतुर्विंशतियोजनांतरंवैश्यस्यसच्छूद्रस्यपंचाशद्योजनांतरमसच्छूद्रस्यषष्टियोजनांतरंज्ञेयं । पक्षांतराणितूक्तपक्षानुसारेणज्ञातव्यानि॥

દશ દિવસ વીત્યાપછી પરદેશમાં કોઇ સાતપેઢીવાળાનું મરણ જાણ્યામાં આવે તો ત્રણ પખવાડીઆં લગીમાં ત્રણ રાત્રિનું, ત્યારથી છ માસ સુધીમાં માલમ પડે તો અહોરાત્ર* (એક દિવસ ને એક રાત્રિ) નું ત્યારથી વર્ષપર્યંત જાણવામાં આવે તો દિવસે સાંભળે તો સાયંકાળ–પર્યંત અને રાત્રે સાંભળે તો પ્રાતઃકાળ થતાં પર્યંત મૃતાશૌચ લાગે. જો વર્ષાંતરે એટલે વરસની આખરે જાણ્યામાં આવે તો સ્નાનમાત્રથી શુદ્ધિ જાણવી. ઉપર કહેલું આ સર્વ અતિક્રાંતાશૌચ સર્વ વર્ણને સાધારણ છે. આ પ્રસંગમાં માધવનું મત એમ છે કે દેશાંતરમાં થયેલા સપિંડના મરણ વિષે

* આ સ્થળે પાક્ષણું પાળવાનો પણ એક પક્ષ છે.

જ્યારે ખબર પડે ત્યારે સ્નાન માત્રથીજ શુદ્ધિ છે પરંતુ આ અશૌચનિર્ણય કરનાર કહે છે કે આ રીતે વિષ્ણુસ્મૃતિને આધારે "**માધવ**"નું કહેલું અજ્ઞાનવિલસિત છે. વીશ (૨૦) યોજન એટલે એશી (૮૦) ગાઉ ઉપરાંત બ્રાહ્મણને દેશાંતર, ચોવીશ (૨૪) યોજન એટલે છન્નુ (૯૬) ગાઉ ઉપરાંત ક્ષત્રિયને દેશાંતર, ત્રીશ (૩૦) યોજન એટલે એકસો વીશ (૧૨૦ ગાઉ ઉપરાંત વૈશ્ય તથા સત્શૂદ્રને દેશાંતર અને સાઠ (૬૦) યોજન-એટલે બસો ચાળીશ (૨૪૦) ગાઉ ઉપરાંત શૂદ્રને દેશાંતર જાણવું. પક્ષાંતરે જ્યાં જેવો પક્ષ કર્યો હોય ત્યાં તેવું દેશાંતર ગણાય.

૫૫ સ્ત્રી પુરૂષના ગોત્રસંબંધી સૂતક.

૯૯ अत्रायंनिष्कर्षः । यानिएकगोत्रविषयकजननमरणातिक्रांताशौचानिजायापतिभ्यामविशेषेणानुष्ठेयानि । यानिपुनर्भगिनीमातुलादिभिन्नगोत्राशौचानितपुजायापतिमध्येयत्संबंधंय - त्तत्तेनैवानुष्ठेयंनोभाभ्यामिति ॥

એક ગોત્રસંબંધી જે જન્મ મરણનાં અતિક્રાંતાશૌચ તે સ્ત્રીપુરૂષ બેઉએ પાળવાં પરંતુ બેન મામા આદિ સંબંધનાં નોખાં નોખાં ગોત્રનાં જેટલાં સૂતક છે તેટલાં સ્ત્રીપુરૂષમાંથી જેના સંબંધમાં હોય તે પાળે એટલે પુરૂષનાં સંબંધનું પુરૂષે અને સ્ત્રીના સગાંનું સ્ત્રીએ સૂતક પાળવું, બેઉને પાળવાની જરૂર નહિ.

૫૬ આહિતાગ્નિ એટલે *અગ્નિહોત્રીનું.

૯૬ आहिताग्नेर्मंत्रवद्दाहदिनमारभ्यपुत्रादिभिराशौचंकार्यम् ॥

અગ્નિહોત્રીના મરણમાં પ્રેતને મંત્રપૂર્વક અગ્નિદાહ કરવામાં આવે તે દિનથી આરંભી તેના પુત્રાદિકોએ આશૌચ પાળવું.

૫૭ અગ્નિહોત્રીનું પ્રવાસમાં મરણ.

૯૬ आहिताग्नौप्रोषितेमृतेमंत्रवद्दाहात्पूर्वंपुत्रादीनांनाशौचंसंध्यादिकर्मलोपश्चनास्ति ॥

અગ્નિહોત્રી પરદેશ ગયેલો હોય ને ત્યાં મરણ પામતાં તેને જ્યાંસુધી વિધિપૂર્વક અગ્નિસંસ્કાર ન થાય ત્યાંસુધી તેના પુત્રાદિકને સૂતક લાગી શકે નહિ તેમજ સંધ્યાવંદનાદિ કર્મનો પણ ત્યાંસુધી બાધ નથી.

---

* અગ્નિહોત્ર એટલે પ્રતિદિન દૂધ ઘૃતાદિ પદાર્થ વડે સાયંપ્રાતઃ અગ્નિમાં હોમ કરવો. તેમાં સાયંકાળે અગ્નિદેવતાનું અને પ્રાતઃકાળે સૂર્યદેવનું યજન થાય છે.

૫૮ અનાહિતાગ્નિ એટલે અગ્નિહોત્રી ન હોય તેનું.

૫૮ अनाहिताग्नेस्तुमरणादिनमारभ्यपुत्रादिभिराशौचंकार्यम् ॥

અગ્નિહોત્ર ન હોય એવાનું સૂતક તો મરણના દિવસથીજ પુત્રાદિકોને પાળવું પડે.

૫૯ રાત્રિમાં જન્મમરણ થાય તે વિષે.

५९ अथरात्रौजननेमरणेवारात्रिंत्रिभागांकृत्वाऽद्यभागद्वयेचेत्पूर्वादिनंतृतीयभागेचेदुत्तरदिनमारभ्याशौचंकार्यं। अर्धरात्रात्प्राक्पूर्वदिनंपरतउत्तरादिनं। प्राक्सूर्योदयात्पूर्वंदिनमूर्ध्वमुत्तरमिति पक्षत्रयं देशांतरतोव्यवस्थितं ॥ महाराष्ट्रदेशेतु आद्यपक्षएवचरति।

જો રાત્રિમાં જન્મમરણ થાય તો તે રાત્રિના માનની ઘટિકાના ત્રણ (૩) વિભાગ કરી પ્રથમના બે ભાગમાં જો જન્મ કે મરણ થયેલું હોય તો પૂર્વ દિનથી અને જો ત્રિજા (છેલા) ભાગમાં જન્મ કે મરણ થાય તો ઉત્તર દિનથી (બીજા દિવસથી) આરંભી સૂતક પાળવું. અર્ધ રાત્રિના પહેલાં પૂર્વ દિન અને અર્ધ રાત્રિ પછી ઉત્તર (આવતો) દિન ગણાય. વળી સૂર્યોદય થતાં પહેલાં પૂર્વ દિન અને સૂર્યોદયની ઉપરાંત ઉત્તર દિન એમ પણ ગણાય. દેશાંતરના હેતુથી પક્ષત્રયથી વ્યવસ્થા જાણવી. મહારાષ્ટ્ર દેશમાં ઉપરના ત્રણ (૩) પક્ષમાંનો પહેલો પક્ષ ચાલે છે. "સૌરાષ્ટ્ર એટલે કાઠીઆવાડના ભાગમાં છેલો પક્ષ ચાલે છે એટલે શુક્રના તારા શિવાય બીજો કોઈ પણ તારો દેખાય ત્યાંસુધી પ્રથમનો દિન ગણે છે."

આશૌચસંપાત એટલે એક સૂતકમાં બીજું.

૬૦ દશ દિવસના મૃતકમાં બીજું મૃતક પડે તો.

६० अथाशौचसंपातेनिर्णयः। तत्रदशाहमृतकेदशाहंततोन्यूनंवामृतकमुपस्थितंभवतितदापूर्वशेषेणशुद्धिः ॥

દશ દિવસનું મૃતાશૌચ ચાલતું હોય તેમાં બીજું દશ દિવસનું કે તેથી ન્યૂન (ઓછું) મૃતસૂતક આવી પડે તો તે પ્રથમના ચાલતા સૂતકના શેષ દિવસ સાથે ઉતરી જાય છે.

૬૧ દશ દિવસના જાતકમાં બીજું જાતક પડે તો.

६१ दशाहेसूतकेदशाहंततोन्यूनंवासूतकंपतातितदापूर्वशेषेण-शुद्धिः ॥

દશ દિવસનું વૃદ્ધિસૂતક ચાલતું હોય તેમાં દશ દહાડાનું કે તેથી ન્યૂન (ઓછું) વૃદ્ધિસૂતક આવી પડે તો તે પૂર્વસૂતકના બાકી દિવસ પૂરા થતાં ઉતરી જાય.

૬૨ જન્મસૂતકમાં મૃતસૂતક પડે તો.

६२ सूतकमध्येदशाहंन्यूनंवामृतकंपततितस्यनपूर्वशेषेणशुद्धिः तत्रसूतकस्यावशिष्टत्वेतुमृतकसमाप्त्यासूतकमपिसमापनीयम्॥

વૃદ્ધિસૂતક ચાલતું હોય તેમાં દશ દિવસનું કે તેથી ઓછું પ્રેતસૂતક આવી પડે તો તે પ્રથમના વૃદ્ધિસૂતક સાથે ઉતરે નહિ,. પરંતુ તે પ્રથમના અવશેષ વૃદ્ધિસૂતકની, આવી પડેલા પ્રેતસૂતકની સાથે સમાપ્તિ કરવી. (એ વિષે લઘુ હારીતમાં પણ વચન છે.)

૬૩ ત્રણ દિવસના સૂતકમાં દશ દિવસનું પડે તો.

६३ त्र्यहादिरूपमृतकेसूतकेचदशाहमृतकपातेचदशाहसूतक-पातेचनपूर्वेणशुद्धिः ॥

ત્રિદિવસાદિ જેવાં મૃતસૂતક કે વૃદ્ધિસૂતકમાં દશ દિવસનું મૃતસૂતક કે વૃદ્ધિસૂતક આવી પડે તો તેની પૂર્વના મૃતસૂતક કે વૃદ્ધિસૂતક સાથે શુદ્ધિ થાય નહિ.

૬૪ મૃતકમાં સરખું ઓછું જાતક ઉતરે.

६४ मृतकेसूतकस्यसमन्यूनस्यवासंपातेपूर्वेणशुद्धिः ॥

દશ દિવસના મૃતસૂતકમાં બરોબરીનું કે તેથી ઓછું વૃદ્ધિસૂતક (વરધ સુવાલું) આવી પડે તો પૂર્વના મૃતાશૌચસાથે તે ઉતરી જાય.

૬૫ ઓછા દિવસના મૃતકમાં વધારે દિવસનું જન્મસૂતક ઉતરે.

६५ अधिकस्यापिसूतकस्यशुद्धिरितिशुद्धिविवेककारः ॥

મરણસૂતકમાં મોટું વૃદ્ધિસૂતક આવી પડે તો તે પણ પ્રથમના મરણસૂતક સાથે ઉતરી જાય. એમ શુદ્ધિવિવેકકાર કહે છે.

૬૬ એક સૂતકમાં બીજું સૂતક પડયું હોય પણ તે પ્રથમનું ઉતરયા પછી જણાય તો.

६६ पूर्वाशौचमध्येउत्पन्नमपिपूर्वाशौचोत्तरंज्ञातंचेदुत्तरमेवकार्यं। दशाहांसरात्रौयदिदशाहंसूतकंपतीततदादिनद्वयमाधिकंकार्यं। सारात्रिःपरेद्युश्च ॥

પ્રથમ આશૌચ ચાલતું હોય તેમાં બીજું પડે આશૌચ જાણવામાં આવેલું ન હોય ને તે પ્રથમના અશૌચની આખરે જાણ્યામાં આવે તો પછી પણ પૂર્ણ પાળવું જોઈએ. પહેલા ચાલતા દશ દિવસના સૂતકની છેલી રાત્રિમાં દશ દહાડાનું વૃદ્ધિસૂતક આવી પડે તો બે દિન એટલે "તે રાત્રિ ને આવતો દિવસ પ્રથમના આશૌચાંતમાં એટલે સૂતકની છેવટમાં વધારવાથી સૂતક ઉતરે.

૬૭ દશ દિવસનું સૂતક ઉતરવાના છેલા પાહોરમાં બીજું તેટલું સૂતક પડે તો.

६७ दशाहांत्यरात्रिचतुर्थयामेयदिदशाहमाशौचंपतेत्तदादिनत्रयमाधिकंकार्यम् ॥

દશ દિવસના સૂતકની છેલી રાતના ચોથા પહોરમાં દશ દિવસનું બીજું સૂતક પડે તો ત્રણ (૩) દિન અધિક પાળવાથી સૂતક ઉતરી જાય.

૬૮ ત્રણ દિવસના સૂતકમાં બીજું ત્રણ દિવસનું પડે તો.

६८ त्र्यहाद्याशौचानांपरस्परंरात्रिशेषसंपातेपूर्वेणवशुद्धिःनद्व्यहादिवृद्धि ः ॥

ત્રણ દિવસને આદિ લેઈ એવાં સૂતક શેષ રાત્રીએ પરસ્પર આવી પડે તો તે પ્રથમના સૂતક સાથે ઉતરી જાય. આ ઠેકાણે દિવસ વધારવા નહિ.

૬૯ સૂતકમાં સૂતક પડવાથી વધારાનું સૂતક પાળતાં વચમાં બીજું સૂતક પડે તો.

६९ वर्धितेद्वित्रिदिनमध्यआशौचांतरसंपातेचआधिकस्यनपूर्वेणशुद्धिः। समन्यूनयोस्तुपूर्वेणशुद्धिः ॥

પ્રથમ જે સૂતકમાં બે ત્રણ દહાડા વધારવાના કહેલા હોય તે વધારેલા દિવસ મધ્યે વળી બીજું મોટું સૂતક આવી પડે તો તેની પૂર્વેના

સાથે શુદ્ધિ થાય નહિ. કારણ ન્યૂન અથવા બરાબરીનાં સૂતક પૂર્વના મોટા સૂતક સાથે ઉતરી જાય પરંતુ ન્યૂનમાં અધિક પડેલું સૂતક ઉતરે નહિ, તે તો પાળવું પડે.

૭૦ સપિંડના સૂતકમાં માબાપ અને પતિનું સૂતક પડે તો.

७० सपिंडाशौचेमातृपितृभर्तृणामाशौचंनापैति ॥

સપિંડ એટલે સાતપેઢીવાળાના ચાલતા સૂતકમાં માતપિતા કે પતિનું પડેલું મૃતસૂતક ચાલતા સૂતકની સાથે ઉતરે નહિ. "તેતો જૂદું પાળવું પડે."

૭૧ માતુશ્રીના સૂતકમાં પિત્રાદિનું સૂતક પડે તો.

७१ मात्राशौचमध्येपित्राशौचपातेपूर्वशेषेणशुद्धिः ॥

માતાના મરણસૂતકમાં પિતાજીનું મરણસૂતક આવી પડે તો પૂર્વ-શેષથી એટલે માતાના મરણસૂતકના બાકીના દિવસ સાથે પિતાના મરણ-સૂતકની શુદ્ધિ એક પક્ષે થાય " બાકીના બીજાં આવી પડેલાં સૂતક તો માના સૂતક ભેળાં ઉતરી જાય.

૭૨ પિતાના સૂતકમાં માનું સૂતક.

७२ पितुःसंपूर्णाशौचेनशुद्धिरित्यन्येतेषांशेषपदस्यपूर्णपरत्वं-लाक्षणिकं । पित्राशौचमध्येमातृमरणेतुपित्राशौचंसमाप्यपाक्षि-णीमधिकंकुर्यात् ॥

પિતાનું સંપૂર્ણ મૃતસૂતક પાળવાથી શુદ્ધિ છે એવો બીજો પક્ષ છે. "ઉપરનો વાક્યવિરોધ મટવામાટે ઉપરની વ્યાખ્યામાં કહેલા "શેષ" પદની પૂર્ણ અર્થમાં લક્ષણા કરવી. પિતાના મૃતસૂતકમાં માતૃમરણનું સૂતક આવ્યે છતે પિતાનું પ્રેતસૂતક સંપૂર્ણ પાળીને બીજું પક્ષિણી (દોઢ) દિવસનું) વિશેષ સૂતક પાળવું. "બાપના સૂતકમાં પડેલાં બીજાં સૂતક પણ તે ભેળાં ઉતરી જાય."

૭૩ પિતાના સૂતકની છેલી રાત્રીના ચોથા પહોરે માતૃમરણ.

७३ इदंदशमरात्रेरर्वाग्भवति दशमरात्र्यांतद्रात्रिचतुर्थयामे-तुमातृमरणेतुद्व्यहंत्र्यहंवेतिनपक्षिणी ॥

ઉપરની વ્યાખ્યામાં અધિક પક્ષિણી સૂતક પાળવાનું કહ્યું તે સૂતકના દશમા દિવસની રાત્રિ પહેલાંનો પ્રસંગ જાણવો. પરંતુ બાપના સૂતકના દશમા દહાડાની છેલી રાત્રીના ચોથા પહોરમાં માતાનું મરણ થાય તો પક્ષિણીને બદલે બે કે ત્રણ દિવસ વિશેષ સૂતક પાળવું.

૭૪ માતુશ્રી જો સતી થાય તો.

७४ मातुर्भर्त्रासहान्वारोहणेतुनाधिकापाक्षिणी । पूर्वाशौचेनशुद्धिः ॥

જો માતુશ્રી પોતાના મૃતસ્વામી સાથે સતી થાય તો સૂતકમાં કશો વધારો કરવો નહિ કેમકે પતિના સૂતકની સાથેજ સતીસ્ત્રીનું સૂતક ઉતરી જાય છે.

૭૫ ભેળાં સૂતકમાં પ્રથમના સૂતક સાથે પડેલું સૂતક કોને ન ઉતરે.

७५ सूतिकायांअग्निदेप्रेतपुत्रेषुचनास्ति । अत्रप्रेतपुत्रेतिपुनर्ग्रहणंवचनांतरानुरोधेन ॥

સૂતિકા એટલે સુવાવડી સ્ત્રી, **અગ્નિ** એટલે આગમૂકનાર, અને પ્રેતપુત્ર એટલે મરનારના પુત્રો-તેઓને લાગેલું સૂતક પ્રથમના સૂતકમાં આવી પડે તો તે પ્રથમના સૂતક સાથે ઉતરે નહિ. તે પછીથી પડેલું સૂતક પણ સંપૂર્ણ પાળવું પડે. આ ઠેકાણે વચનાંતરનો બાધ ન લાગવા પ્રેતપુત્રનું પુનર્ગ્રહણ છે.

૭૬ જન્મસૂતકમાં તથા પ્રેતસૂતકમાં પ્રેતપિંડ તથા જાતકર્મ.

७६ सूतकेमृतकपातेनापिंडदानेप्रतिबंधः । मृतकेसूतकसंपातेजातकर्मादितदानीमाशौचांतेवाकुर्यात्इतिविकल्पः ॥

વૃદ્ધિ સૂતકમાં મૃતસૂતક પડે તો પણ પિંડદાન દેવાનો બાધ નથી તેમજ મૃતસૂતકમાં વૃદ્ધિસૂતક પડે તો તેમાં બાળકને જાતકર્માદિ સંસ્કાર તે વખતે અથવા આશૌચાંતે એટલે મૃતસૂતક ઉતર્યા પછી કરવા એવો વિકલ્પ છે.

૭૭ માના વધારાના સૂતકમાં બાપનું એકાદશાહ.

७७ मातुर्वाधिकापक्षिणीतन्मध्येपितुरेकादशाहंश्राद्धंकुर्यात् ॥

બાપના સૂતકમાં માનું સૂતક પડે તો દોઢ (૧॥) દિવસ વિશેષ પાળવા કહેલું છે તે દોઢ દહાડામાં બાપનું એકાદશાહ શ્રાદ્ધ સારવાનો બાધ નથી.

સંસર્ગાશૌચ.

૭૮ પ્રેતસ્પર્શ, સૂતકી ભોજન, સૂતકી ગૃહવાસ.

૭૮ शवस्पर्शेदिवाचेन्नक्षत्रदर्शनाच्छुद्धिः । रात्रौचेत्सूर्यदर्शनात् । तदन्नाशनेतद्गृहवासेयावत्तेषामाशौचंतावदाशौचम् ॥

શવ (શબ) એટલે મડદાને દિવસે અડકે તો તારા સૂતક લાગે એટલે રાત્રે તારા જોવાથી શુદ્ધિ થાય ને જો રાત્રે મડદાને પરસ કરાય તો સવારે સૂરજનું દર્શન થતાં સૂતક ઉતરી જાય. સૂતકીનું* અન્ન જમવાથી તથા તેના ઘરમાં રહેવાથી મરનારના સંબંધી જેટલું અશૌચ એટલે પ્રેતસૂતક લાગે. (આવા સૂતકને સંસર્ગાશૌચ કહિયે.)

૭૯ સંસર્ગાશૌચમાં કર્માધિકાર.

૭૯ संसर्गाशौचेकर्माधिकारोनास्ति। किंतुअस्पृश्यत्वमात्रम्॥

આ સંસર્ગાશૌચમાં નિત્યકર્મનો અધિકાર નથી. વળી સ્પર્શ પણ કરવો નહિ.

૮૦ સંસર્ગસૂતકીના પદાર્થાદિ.

૮૦ तद्गृह्यागांतद्द्रव्याणांनाशौचसंबंधः ॥

એ સંસર્ગસૂતકવાળાના સ્ત્રીપુત્રાદિને તથા દ્રવ્યાદિ પદાર્થને મરણ-સૂતકનો સંબંધ નથી.

૮૧ સ્નેહપૂર્વક સવર્ણ પ્રેતવહનાદિ.

૮૧ स्नेहेनसवर्णनिर्हारेतदन्नाशनेतद्गृहवासेचदशाहः । तदन्नानशनेतद्गृहवासेत्र्यहः ॥

સ્નેહવડે સવર્ણના પ્રેતને ઉચકે, તેના ઘરનું અન્ન જમે, અને તે મરનારાના ઘરમાં રહે તો તેને દશ દિવસનું મૃતાશૌચ લાગે. પ્રેતનું અન્ન ન જમે પણ માત્ર તેના ઘરમાં રહે અથવા તેનું અન્ન જમે પણ તેના ઘરમાં રહે નહિ તો ત્રણ (૩) દિવસનું સૂતક જાણવું.

---

* "ઐતરેય બ્રાહ્મણમાં પણ કહેછે. ॥ तदाहुर्यदाहिताग्निः सूतकान्नं प्राश्नीयात् का तत्र प्रायश्चित्तिः अर्थ—જો અગ્નિહોત્રી સૂતકીનું અન્ન જમે તો તેને કયું પ્રાયશ્ચિત કરવું પડે.

૮૨ માત્ર પ્રેતવહન (ફક્ત મડદાને ઉચકવું.)

८२ अगृहवासेऽन्नाभक्षणेनिर्हरणमात्रेकृतेचैकाहः ॥

મરનારનાં ઘરમાં ન રહેતાં અને તેનું અન્ન ન જમતાં માત્ર તેના પ્રેતને ઉપાડે તો તેને એકજ દિવસનું મૃતાશૌચ લાગે.

૮૩ મૂલ લેઇ મડદું ઉપાડવું.

८३ भृतिग्रहणेसवर्णनिर्हारेदाहेचतज्जात्याशौचंदशाहादि ॥

મૂલ લેઈને સવર્ણનું એટલે બ્રાહ્મણ બ્રાહ્મણનું પ્રેત ઉચકે અને બાળે તો મરનારની જાતિવાળાને જેટલું મૃતાશૌચ લાગે તેટલું દશ દિવસાદિ તેને પણ લાગે.

૮૪ વિજાતીય પ્રેતવહનાદિ.

८४ विजातीयानिर्हारेविजातीयदाहेचशवजातीयमाशौचं । भृतिग्रहणेविजातीयनिर्हारेदाहेचशवजातीयाद्द्विगुणम् ॥

વિજાતીય એટલે બ્રાહ્મણ ક્ષત્રીયના પ્રેતને ઉચકે તથા બાળે તો તેને પ્રેત (મરનાર) ની જાતિનું સૂતક વળગે વળી જો કિંમત લેઈને વિજાતિના મડદાને ઉપાડે અને બાળે તો તે મરનારની જાતવાળા કરતાં બમણું સૂતક તેને લાગે.

૮૫ સોદક-પ્રેતવહન.

८५ सोदकनिर्हारेदशाहः ॥

સોદક એટલે સાત (૭) પેઢી ઉપરાંત ચઊદ (૧૪)મી પેઢીમાંના શબને ઉપાડે તો દશ દહાડાનું સૂતક લાગે.

૮૬ અસપિંડના પ્રેતને વસ્ત્રાદિ પહેરાવવાં.

८६ असपिंडालंकरणेअज्ञानादुपवासः । अशक्तौस्नानं । ज्ञानतःपादकृच्छ्रम् ॥

અસપિંડ એટલે સાત પેઢીમાંનો નહિ એવા પ્રેતને અજાણતાં વસ્ત્રાદિ પેહેરાવે તો એક દિવસના ઉપવાસથી શુદ્ધિ થાય. કદાપિ ઉપવાસ કરવાને અશક્ત હોય તો સ્નાન માત્ર કરવું; પરંતુ જાણીને એવા મડદાને અલંકૃત (વસ્ત્રાદિકથી શોભિતું) કરે તો "પાદકૃચ્છ્ર" એટલે બ્રાહ્મણને ૩ ઉપવાસ, ક્ષત્રિયને ૩ દિવસ અયાચિત મળે તો ખાવું, વૈશ્યને ૩ નક્ત ભોજન અને શૂદ્રને ૩ એકભુક્ત વ્રત કર્યે શુદ્ધિ થાય. (આપસ્તંબઃ)

૮૭ સવર્ણ અનાથનું શબ ઉપાડે તથા તેને બાળે તો.

૮૭ धर्मार्थमनाथशवसवर्णनिर्हरणेक्रियाकरणेऽग्निदानेचद्विजस्यअनंतफलंस्नानाच्छुद्धिःप्राणायामोऽग्निस्पर्शश्च ॥

કોઇ અનાથ (જેનું કોઈ કરનાર નથી એવો) પોતાનો જાતીલો બ્રાહ્મણ મરી જાય તેના પ્રેતને પરમાર્થ બુદ્ધિએ જે ઉચકે, બાળે અને ક્રિયા કરે તેને અનંત ફળની પ્રાપ્તિ થાય ; ને તેને સ્નાનમાત્રથી શુદ્ધિ છે. સ્નાન કર્યા પછી પ્રાણાયામ તથા અગ્નિસ્પર્શ કરવો.

૮૮ સવર્ણ માતુલાદિનું શબવહન.

૮૮ धर्मार्थमनाथसवर्णनिर्हरणादावपिमातुलादिसंबंधेसतित्रिरात्रमाशौचम् ॥

સવર્ણ માતુલાદિ એટલે મામા, માશી, ફોઇ વગેરે સંબંધીના અનાથ પ્રેતને ધર્માર્થ ઉપાડે, બાળે ને ક્રિયા કરે તેને તો ત્રિરાત્રિનું મૃતાશૌચ લાગે.

૮૯ પ્રેત પાછલ સ્મશાન જવું.

૮९ अनुगमनेतुसपिंडेनदोषःअसपिंडेपिअनाथक्रियायांनदोषः ॥

સપિંડના પ્રેત પાછળ સ્મશાન જવામાં અને અનાથ એવા અસપિંડની પાછળ સ્મશાન જવામાં તથા ક્રિયા કરવામાં દોષ નથી.

૯૦ સમોત્કૃષ્ટવર્ણીય પ્રેતાનુગમન.

९० समोत्कृष्टवर्णीयशवानुगमनेस्नात्वाहुताशंस्पृष्ट्वासर्पिःप्राश्यपुनः स्नात्वाप्राणायामंकुर्यात् ॥

સમોત્કૃષ્ટવર્ણીય પ્રેતાનુગમન એટલે સમાન વર્ણ કે ઉંચ વર્ણના પ્રેત પાછળ સ્મશાન જવું. એવા પ્રેત પાછળ સ્મશાન જાય તો સ્નાન, અગ્નિસ્પર્શ અને ધૃત પ્રાશન (ઘી ખાવું) કરી ફરી સ્નાન તથા *પ્રાણાયામ કિધે શુદ્ધ થાય.

---

* પ્રાણાયામ એટલે મનોમય ૩ ગાયત્રી વ્યાહૃતિસહિત જપતાં સુધિ જમણે નાસફોરેથી શ્વાસને અંદર ખેંચવો, ૩ ગાયત્રી જપતાં લગી ખેંચેલો શ્વાસ અંદર રોકી રાખવો, પછી તે રોકેલા શ્વાસને ડાબે નાસફોરેથી ૩ ગાયત્રી જપવાના કાળમાં પાછો બહાર કાઢવો એ રીતે પૂરક, કુંભક અને રેચકની કૃતિને “પ્રાણાયામ” કહે છે.

૯૧ હીનવર્ણપ્રેતાનુગમન.

९१ हीनवर्णशवानुगमनेक्षत्रियेएकाहः । वैश्येपक्षिणी । शूद्रे त्रिरात्रं पूर्ववत्स्नानादिच ॥

જો બ્રાહ્મણ પોતાથી ઉતરતી વર્ણના પ્રેત પાછળ સ્મશાન જાય તો તેને સૂતક લાગવાનો પ્રકાર એવો કે—ક્ષત્રિયના મડદા પાછળ જાય તો એક દિવસનું, વૈશ્યના શબ પાછળ જાય તો દોઢ દિવસનું અને શૂદ્રના પ્રેત પાછળ જાય તો ત્રણ રાત્રિનું સૂતક લાગે. શુદ્ધિને સારૂ પૂર્વવત્ સ્નાનાદિ કરવાં.

૯૨ થી ૯૯ બ્રહ્મચારીને.

९२–९९ ब्रह्मचारिणःसपिंडमरणेनाशौचं। नान्यस्यनिर्हारदाहाद्यौर्ध्वदेहिकेधिकारः॥ तत्करणेपुनरुपनयनं कृच्छ्रप्रायश्चित्तं॥ ब्रह्मचारिणः पितृमात्राचार्योपाध्यायमातामहानामंत्यकर्मकरणेन दोषःतत्रदशाहमस्पृश्यत्वलक्षणमाशौचम्॥दशादिनंसंध्याग्निकार्यादिकर्माधिकारोस्त्येव ॥ एकदिनमस्पृश्यत्वमितिमाधवः । पित्राद्याशौचेपिनाशौचिनामन्नंब्रह्मचारीभक्षयेत्। भक्षणेतुपुनरुपनयनम्॥ब्रह्मचारिणःपित्राद्यंतकर्माकरणेतुपित्रादिमरणेपिनाशौचम् ॥ समावर्त्तनोत्तरं पूर्वमृतानांत्रिदिनाशौचंकार्यमेव ॥

બ્રહ્મચારીને સપિંડવાળાનું પણ સૂતક ન લાગે તેમજ બીજા કોઈનું શબ ઉચકવાનો, અગ્નિદાહ કરવાનો તથા પછીની ક્રિયા કરવાનો તેને અધિકાર નથી.

કદિ કરે તો ફરીથી જનોઇ દેવું પડે અને *કૃચ્છ્ર પ્રાયશ્ચિત્ત કરવું પડે.

બ્રહ્મચારીને પોતાનાં માતાપિતા, આચાર્ય, ઉપાધ્યાય તથા માતામહ એટલે માનો બાપ એટલાઓનું અંત્યકર્મ કરવામાં બાધ નથી. તેમાં દશ દિવસ અસ્પર્શ રહેવું એજ અશૌચ (સૂતક)

દશ દિન સંધ્યા અગ્નિકાર્યાદિ કર્મનો અધિકાર છે.

વળી આ ઠેકાણે માધવનું મત એવું છે કે "માત્ર એક દિવસ સ્પર્શ ન કરવો."

પોતાનાં માતાપિતાદિકના સૂતકમાં પણ બ્રહ્મચારીએ સૂતકીનું અન્ન આરોગવું નહિ; આરોગે તો પુનઃ ઉપવીત ધારવું પડે.

---

* કૃચ્છ્ર, સાંતપન ચાંદ્રાયણઆદિ પ્રાયશ્ચિતવિશેષનાં નામ છે; કૃચ્છ્રને સારે દશ હજાર ગાયત્રી જપવી વા વેદસંહિતાનું પારાયણ કરવું વા બસો પ્રાણાયામ કરવા ઇત્યાદિ.

જો બ્રહ્મચારી પોતાના પિતાદિકનું અંત્યકર્મ ન કરે તો તેઓનું મૃતાશૌચ પણ બ્રહ્મચારીને ન લાગે.

ઉપવીત આપ્યા પછી સમાવર્તન સંસ્કાર થયાં પહેલાં સૂતક પડે તો તે સમાવર્તન સંસ્કાર એટલે બ્રહ્મચર્યવ્રત પુરૂં કર્યા પછી પ્રથમ મરી ગયેલાનું અશૌચ (સૂતક) બ્રહ્મચારીએ ત્રણ દિવસ પાળવું.

૧૦૦ જીવત ક્રિયા કરનારાને.

१०० कृतजीवच्छ्राद्धेनाकिमप्याशौचंनकार्यमितिहेमाद्रिः ॥

જીવત ક્રિયા કરી હોય તેણે કોઈ સંબંધીનું સૂતક પાળવું નહિ એમ હેમાદ્રિનું કહેવું છે.

૧૦૧ વાનપ્રસ્થ, યતિ, અને પતિતે.

१०१ वानप्रस्थयातिपातितैरपिकिमप्याशौचंनकार्यं । तेषामपीतरैर्नकार्यम् ॥

વાનપ્રસ્થ, સંન્યાસી અને પતિત એ ત્રણ જણાઓએ કોઈનું સૂતક પાળવું નહિ, તેમ તેઓનું સૂતક બીજા કોઇએ પણ ન પાળવું.

૧૦૨ સવર્ણ તથા ઉચ્ચવર્ણ પ્રેતની ક્રિયા કરનારને.

१०२ परेषांसवर्णानामौर्ध्वदेहिककरणेतज्जात्याशौचंकृत्वा कृच्छ्रत्रयाच्छुद्धिः ॥

સવર્ણ પ્રેતસંબંધી અથવા પોતાનાથી ઉંચવર્ણ પ્રેતસંબંધી ઔર્ધ્વદેહિક એટલે ઉત્તરક્રિયા કરનારને મરનારની જાતિના સપિંડપ્રમાણે સૂતક લાગે. તેણે સૂતક પાળ્યા પછી ત્રણ કૃચ્છ્ર કર્યે શુદ્ધિ થાય.

૧૦૩ હીનવર્ણ પ્રેતનું ઔર્ધ્વદેહિક (ઉત્તરક્રિયા).

१०३ हीनवर्णौर्ध्वदेहिककरणेतुशवजातीयमाशौचंकृत्वाकृच्छ्रत्रयद्वैगुण्याद्भूयम् ॥

પોતાનાથી ઉતરતી વર્ણના પ્રેતની ઉત્તરક્રિયા કરનારે મરનારના સપિંડ જેટલું સૂતક પાળી બમણું ત્રગણું કૃચ્છ્રત્રય કરવું તેથી શુદ્ધિ થાય.

૧૦૪ અગ્નિહોત્રીનો અસ્થિદાહ તથા પુતલવિધાન.

१०४ आहिताग्नेरस्थिदाहेप्रतिकृतिदाहेवासर्वसपिंडानांदशाहाद्याशौचम् ॥

અગ્નિહોત્રીનાં અસ્થિ એટલે હાડકાંનો દાહ કરે અથવા હાડકાં ન મળવાથી તેનું પુતળવિધાન કરીને બાળે તો તે દિવસથી સર્વે સપિંડોને દશ દિવસ આદિ અશૌચ લાગે.

૧૦૫ અગ્નિહોત્રી ન હોય તેનો અસ્થિદાહ તથા પુતલવિધાન.

१०५ अनाहिताग्नेस्तुअस्थिदाहेपर्णशरदाहेचपत्नीपुत्रयोःपूर्वमगृहीताशौचयोःदशाहिकंपूर्णमेव ॥

જો અગ્નિહોત્રી વગરનાનો અસ્થિદાહ કરે વા પર્ણશર (પલાશ દર્ભાદિ) ને શરીરના આકારમાં ગોઠવી તેને બાળે તો પેહેલાં સૂતક પાળ્યું ન હોય એવાં પ્રેતનાં સ્ત્રીપુત્રને તે દિવસથી દશ દિવસનું પૂર્ણ સૂતક લાગે.

૧૦૬ પ્રથમ સૂતક પાળેલું એવાં સ્ત્રીપુત્રને ઉપરના પ્રસંગે.

१०६ गृहीताशौचयोस्तुतयोरपिसंस्कारकालेत्रिरात्रं । पत्नी संस्कारे पत्युश्चैवं सपत्न्योर्मिथश्चैवम् ॥

પ્રથમ સૂતક પાળ્યું હોય તો પણ પત્ની પુત્રને સંસ્કાર સમયના દિવસથી ત્રિરાત્રિનું સૂતક લાગે સ્વામીને સ્ત્રીના સંસ્કારકાળે પણ પ્રથમ કહ્યા પ્રમાણે સૂતક લાગે. શોક્યોને પરસ્પર સંસ્કારકાળે પણ એમજ.

૧૦૭ પ્રથમ સૂતક પાળેલું એવા સપિંડોને.

१०७ अन्यसापिंडानांपूर्वमगृहीताशौचानांअनाहिताग्निसंस्कारकालेत्रिरात्रं । पूर्वगृहीताशौचानांतुसापिंडानांसंस्कारकालेस्नानमात्रम् ॥

પ્રથમ સૂતક પાળ્યું ન હોય એવા બીજા સપિંડોને પણ અગ્નિહોત્ર વગરનાના સંસ્કારકાળથી ત્રણ રાત્રિનું સૂતક લાગે. પ્રથમ સૂતક પાળ્યું હોય એવા સપિંડોએ તો સંસ્કારકાળે સ્નાન* માત્ર કરવું.

૧૦૮ દશ દિવસ ઉપરાંત અસ્થિદાહાદિ સંસ્કાર.

१०८ इदंत्रिरात्रादिकंदशाहोर्ध्वसंस्कारकरणेज्ञेयं । दशाहमध्येतुशेषदिवसैरेवाशौचसिद्धेरुक्तत्वात् ॥

આ ઉપરનાં ત્રિરાત્રાદિક સૂતક કહ્યાં તે દશ દિવસ ઉપરાંત અગ્નિસંસ્કાર કરવામાં આવે ત્યાં જાણવાં. કારણ—દશ દિવસની અંદરના અગ્નિસંસ્કારમાં તો બાકી રહેલા દિવસો પુરા થવાથી અશૌચ ઉતરી જાય.

* પૂતલવિધાનના પ્રસંગમાં પ્રેતના સપિંડો ભેળા થઈને તે રડેકુટે તો એક રાત્રનું આશૌચ પાળવું પડે એમ "પારસ્કર" કહેછે.

અથ રજોદર્શન નિર્ણય.

૧૦૯ જે સ્ત્રીને વીશ (૨૦) દિવસ ઉપરાંત થતું રજોદર્શન.

१०९ अथ रजोदर्शनम् । रजस्वलायास्तुविंशतिदिनोत्तरंप्राय शोरजोदर्शनंभवति तस्याःसप्तदशादिनपर्यंतंपुनःरजोदृष्टौस्नानं-मात्रं । अष्टादशेएकरात्रंनवदशेद्विदिनं विंशतिप्रभृतिदिनत्रयम् ॥

ઘણું કરીને સ્ત્રી વીશ દિવસ ઉપરાંત રજસ્વલા (અડકાવવાળી થાયછે. તેવી સ્ત્રીને જો સત્તર (૧૭) દિવસ સુધીમાં ફરી રજોદર્શન થાય તો સ્નાનમાત્રથી શુદ્ધિ. તે ઉપરાંત અઢાર (૧૮) દિવસ સુધીમાં રજોદર્શન થાય તો સ્ત્રીએ એકરાત્ર અસ્પર્શ પાળવો, ઓગણીસ (૧૯) મેં દિવસે બે દિન અને વીશ (૨૦) કે તે ઉપરાંત દિવસોમાં રજસ્વલા થનારી સ્ત્રીએ ત્રણ (૩) દિન ક્યાંહી અડકવું નહિ.

૧૧૦ વીશ (૨૦) દિવસની અંદર થતું રજોદર્શન.

११०यस्यास्तुविंशतिदिनादर्वाक्प्रायशोरजोदर्शनंभवति तस्याःदशादिनपर्यंतंस्नानमात्रं । एकादशेएकरात्रंद्वादशेद्विरात्रंत्रयोदशादारभ्यात्रिरात्रम् ॥

હમેશાં ઘણું કરીને જે સ્ત્રીને વીશ (૨૦) દિવસની પહેલાં રજોદર્શન થતું હોય તેવી સ્ત્રીએ દશ (૧૦) દિવસ સુધીમાં દેખાય તો સ્નાન માત્ર કરવું, અગીયાર (૧૧) મા દિવસે દેખાય તો એક રાત્ર, બાર (૧૨) મા દિવસે દેખાય તો બે (૨) રાત્ર અને તેર (૧૩) મે દિવસ કે તે ઉપરાંતના દિવસમાં અડકાવ દેખાય તો ત્રણ (૩) રાત્રિ અપરસ રહેવું.

इतित्र्यंबकीयेऽशौचनिर्णयेदशोत्तरशतोंऽशः ॥

अत्रमूलवचनानिमिताक्षरादिनिबंधेभ्योज्ञेयानि । विस्तरभियाबालानांदुरधिगमत्वाच्चनलिखितानि ॥

ઉપરની વ્યાખ્યાઓનાં મૂળવચન મિતાક્ષરાદિ નિબંધોમાંથી જીજ્ઞાસુઓયેં જોઇ લેવાં; વિસ્તારના ભયથી તેમજ અલ્પઅભ્યાસિયોને ન સમજી શકાય એવાં જાણી આ ઠેકાણે લખ્યાં નથી.

॥ इति त्र्यंबकीयेऽशौचनिर्णयः समाप्तः

પરિશિષ્ટ.

॥ परिशिष्टम् ॥

દક્ષસ્મૃતિઆદિ ગ્રંથાંતરમાંથી.

१. अथ मरणांतसूतकी ।

व्याधितस्य कदर्यस्य ऋणग्रस्तस्य सर्वदा । क्रियाहीनस्य मूर्खस्य स्त्रीजितस्य विशेषतः॥
व्यसनासक्तचित्तस्य पराधीनस्य नित्यशः । श्रद्धात्यागविहीनस्य भस्मांतं सूतकं भवेदिति॥

दक्षस्मृतेः अ० ५ श्लोक ९।१० ॥

(આ પુસ્તકની સમાપ્તિ કરતાં તેમાં કહેલાં સૂતકોથી વિલક્ષણ મરણાંત સુધીના સૂતકી દક્ષસ્મૃતિ પ્રમાણે આ નીચે દરશાવું છું.)

૧. **દક્ષ** પોતાની સ્મૃતિમાં કહેછે કે "[૧]વ્યાધિત એટલે રોગી, [૨]કદર્ય એટલે કૃપણ, [૩]ઋણગ્રસ્ત એટલે દેવાદાર, [૪]ક્રિયાહીન એટલે વ્યાવહારિક કે પારમાર્થિક કાંઇ કૃત્ય નહિ કરનાર, [૫]મૂર્ખ એટલે વિદ્યાહીન, [૬]સ્ત્રીજીત એટલે વિષયી, [૭]વ્યસનાસક્તચિત્ત એટલે જેનું ચિત્ત દુર્વ્યસનથી ભરેલું તે, [૮]પરાધીન એટલે પરવશ, [૯]શ્રદ્ધાત્યાગવિહીન એટલે શાસ્ત્રોક્ત વિધિમાં શ્રદ્ધા અને શાસ્ત્રોક્ત નિષેધમાં ત્યાગ જેને નહિ તે, આવી દશાવાળા સદાકાળ સૂતકી જાણવા." તેઓનું સૂતક એટલે ચિત્તમલિનતા મરે ત્યારેજ જાય. (અ૦ ૫ શ્લોક-૯-૧૦)

૨. વપનવિધિ એટલે માથાપરના કેશ તથા મૂછો ઉતરાવાનો પ્રકાર

२ अथ वपनविधिः ।

वर्षीयस्युद्गतेतूपारि वपननखच्छेदनं सूतकांते । मध्ये वा केचिदूचुःपितृपरमगुरुष्वेव वापादि नित्यम् ॥ अत्र स्मार्ते शुभार्थे भणितमभाणितं तत्स्वगृह्यर्विदित्वा । कृत्वा दानं च दद्यादशुभभयभिदे भूसुरेभ्यः शुभार्थे ॥ इति त्रिंशच्छ्लोक्याः ॥ २९ ॥

વૃદ્ધ મનુષ્યના મરણ સૂતકના છેલે (દશમે) દિવસે પુત્રાદિકોએ નખ મૂછ મુંડનાદિ કરાવવું. કેટલાકનું મત એમ છે કે "સૂતકના મધ્યમાં એટલે

બીજે, ત્રીજે, પાંચમે કે સાતમે દિવસે પણ વપન કરાવાય." વળી દેવલઋષિ કહેછે કે "સૂતકને દશમે દહાડે ગામની બહાર્ય (જલાશય પર) જઇ પહેરેલાં સૂતકી વસ્ત્ર, માથાના નિમાળા, મૂછ અને નખ એટલાનો પરિત્યાગ કરવો. (ક્ષૌરવિષે પણ આવશ્યકતાવાળાં નિમિત્ત કહેછે)–પિતૃ એટલે માતા પિતા, અને પરમ ગુરૂના સૂતકમાંજ પુત્રાદિકોએ મૂછ મુંડનાદિ અવશ્ય કરાવવું. બીજા કોઇના સૂતકમાં નહિ. તેવિષે કોઈ શાસ્ત્રકાર કહેછે કે "કાશીક્ષેત્રમાં, પ્રભાસ ક્ષેત્રમાં" માતા પિતા અને ગુરૂના મરણકાળમાં' અગ્નિહોત્રમાં અને સોમયાગમાં **વપન** એટલે ક્ષૌર કરાવવું.

હવે આ ગ્રંથકાર સૂતકના અંતમાં કર્મ કર્તવ્યતા કહેછે–" આ ઠેકાણે સ્માર્ત (સ્મૃતિમાંનાં) કર્મ કરવા યોગ્ય મેં કહ્યાં તે અને જે કહેવામાં નથી આવ્યાં તે સર્વ સ્વશાખાગૃહ્યમાંથી જાણી લેઇ આચરવાં. પછી અશુભય ટળવા અને શુભ ફળ મળવા સારૂ યથાશક્તિ સુપાત્ર બ્રાહ્મણોને દાન આપવું. (ત્રિંશત્ વૃત્ત ૨૯.)

૩. રાજા, રાજસેવક. શિલ્પિ, ચિત્રકાર અને વૈદ્ય ઇત્યાદિ જનો માત્ર સ્નાનથી શુદ્ધ થાયછે. (**પ્રચેતા.**)

૪. ગોત્રી કે પરગોત્રી, સ્ત્રી, કે પુરૂષ જે પ્રેતની પ્રથમ દિને ક્રિયા કરે તેજ દશ દિવસના સૂતકને અંતે ક્રિયા કરે. બીજાથી કરાય નહિ. (**ગૌતમ**)

૫. પ્રેતનો દાહ કર્યા પછી **અસ્થિસંચયન** કરવામાં આવેછે. **અસ્થિસંચયન** એટલે ચિતામાંથી વિધિપૂર્વક અસ્થિ (હાડકાં જેને ફુલ પણ કહેછે.) સંચી રાખી ગંગા જેવા તીર્થોદકમાં પધરાવવું. **અસ્થિસંચયનો કાળ**–પેહેલો, ત્રીજો, સાતમો કે નવમો દિવસ જાણવો. (શુદ્ધિવિવેક.)

૬. વિવાહ, ઉત્સવ અને યજ્ઞના ચાલતા પ્રસંગમાં સૂતક પડે તો તેનો બાધ ન ગણતાં પૂર્વનું કાર્ય ચાલતું રખાય. (શુદ્ધિવિવેક.)

समाप्त.